# ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| વૃત્રાસુરની પ્રાર્થના | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પનામાનાં એક બેનનો ભાવપૂર્ણ પત્ર | કાન્તાબેન | ૧૨ |
| પ્રાર્થના અને દુઆનું મહત્ત્વ | નારાયણ હ. જાની | ૧૫ |
| મા | અરવિંદભાઇ જોષી (પંકજ) | ૨૦ |
| આધુનિક યુગનાં મીરાં—મા સર્વેશ્વરી | નારાયણ હ. જાની | ૨૧ |
| પૂ. પાંડુરંગ દાદાને પૂ. મા અને સાધકોની શ્રદ્ધાંજલિ | મા સર્વેશ્વરી | ૨૭ |
| સનાતન ધર્મસાર | યોગેશ્વરજી | ૨૮ |
| પ્રશ્નોપનિષદ્—(૨) | યોગેશ્વરજી | ૩૦ |
| સુભાષિતો | — | ૩૪ |
| જીવનની ચાર મહાભૂલો | મહાત્મા શ્રી યોગેશ્વરજી | ૩૫ |
| સ્વર્ગારોહણની સેવા કલગીમાં એક પીછું ઔર | કલ્યાણ | ૩૭ |
| 'સરળગીતા'ની પરીક્ષા અંગે અભિપ્રાય | — | ૪૨ |
| સ્વર્ગારોહણ અંગે એક પ્રથમ મુલાકાતીનો પ્રતિભાવ | પ્રભુભાઇ પ્રજાપતિ | ૪૩ |
| પૂ. માના બોધપ્રદ લીલાપ્રસંગો | મંજુલાબેન ભાવસાર | ૪૫ |
| 'યોગજ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારોહ | તંત્રી | ૫૦ |
| ભાદરવી પૂનમના પર્વ નિમિત્તે છાશની હાશ અને સંનિધિનું સુખ | રાજુભાઇ જાની | ૫૨ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## ❁ અભિનંદનીય સહાય ❁

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્યને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહયોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વપ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ નવેમ્બર-૨૦૦૩ અંક : ૨

# વૃત્રાસુરની પ્રાર્થના

પૂ. યોગેશ્વરજી

પ્રાર્થના એ ભગવદ્પ્રાપ્તિનું અમોઘ સાધન છે. એટલે એક સ્વતંત્ર સાધન તરીકેનું તેનું મહત્ત્વ એ દૃષ્ટિએ ખૂબ વધી જાય છે. કોઈ પણ મનુષ્ય—શિક્ષિત કે અશિક્ષિત, ધનસંપન્ન કે ગરીબ, યુવાન કે વૃદ્ધ—તેમ જ સ્ત્રી કે પુરુષ એનો આધાર લઈ ભગવદ્દર્શન પામી શકે છે.

કેટલીક પ્રાર્થનાઓ સુંદર ને અર્થસભર હોય છે. ભાગવતમાં અનેક સ્થળોએ ભગવાનની સ્તુતિ ને પ્રાર્થનાઓ આવે છે. તેમાં સૌથી શ્રેષ્ઠ પ્રાર્થના વૃત્રાસુરે કરેલ છે. તે ભાષા, ભાવ, પદલાલિત્ય, માધુર્ય, અર્થગૌરવ, સરસતા અને સરળતાની દૃષ્ટિએ દુનિયાભરની પ્રાર્થનાઓમાં આગવું સ્થાન ધરાવે છે. ચાર શ્લોકોની એ સુંદર, અદ્ભુત, પ્રેમરસ ભરપુર પ્રાર્થનામાં ભક્તિભાવનું સરસ પરિપૂર્ણ પ્રતિબિંબ પડે છે :

**अहं हरि तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः।**
**मनःस्मरेतासु पतेर्गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कामः॥ १॥**

હે પ્રભુ, તમારા ચરણકમળનો આશ્રય લેનારા એકનિષ્ઠ અનન્ય ભાવભક્તિવાળા ભક્તોના દાસાનુદાસ બનવાનું અને એમની સેવા કરવાનું સદ્ભાગ્ય મને મારા બીજા જન્મમાં સાંપડે એવી કૃપા કરો. મારું મન તમારા મંગલમય મધુર ગુણોનું સ્મરણ કરે. મારી વાણી એમનું સંકીર્તન કરે ને હે પ્રાણાધાર! મારું શરીર સદા તમારી સેવામાં જ સંલગ્ન રહે એવો અમુલખ આશીર્વાદ આપી દો.

**न नाकपृष्ठं न च पाममेष्ठ्यं न सार्वभोमं न रसाधिपत्यम्।**
**न योगसिद्धिरपुनर्भव वा समञ्जस त्वा विरहच्च कांक्षे।। २।।**

હે સર્વ સૌભાગ્ય ભંડાર પ્રભુ, તમને છોડીને હું સ્વર્ગ, બ્રહ્મપદ, અખિલ બ્રહ્માંડનું સામ્રાજ્ય, રસાતલનું એકછત્ર રાજ્ય, યોગની અણિમાદિ સિદ્ધિ અને મોક્ષ પણ નથી માંગતો.

**अजातपक्षा इव मातरं खगाः**
**स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः।**
**प्रियं प्रियेव व्युषितं विषण्णा**
**मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम्।। ३।।**

પક્ષીઓના પાંખ ફૂટ્યાવિનાના બચ્ચાં વનમાં ગયેલી પોતાની માતાની રાહ જુએ છે; માતાનું દૂધ પીવા માટે ક્ષુધાર્ત વાછરડાંના અંતરમાં જેવી આતુરતા હોય છે, પ્રેમાળ પત્ની પોતાના પરદેશ ગયેલા પ્રિયતમને મળવા વ્યાકુળ હોય છે, એવી જ—અરે, એથી પણ વધારે વ્યાકુળતા, આતુરતા ને પ્રીતિને લઈને હે કમળનયન! મારું મન તમારા દેવદુર્લભ દર્શન માટે તૈયાર રહે એવું ઈચ્છું છું.

**ममोत्तमश्लोकजनेषु सख्यं**
**संसारचक्रे भ्रमतः स्वकर्मभिः।**
**त्वन्माययाऽऽत्मात्मजदारगेहे-**
**ष्वासक्तचितस्य न नाथ भूयात्।। ४।।**



(હે પ્રભુ, મારી આરાધના એવી અસાધારણ નથી મને મુક્તિ મળી શકે એટલે) બીજા જન્મ દરમ્યાન ભગવાનના પ્રેમી પવિત્ર ભક્તજનો સાથે મને મૈત્રી થજો અને આ સંસારચક્રમાં વિહાર કરતાં તેમ જ મારી ફરજ બજાવતાં આપની મહામહિમામયી માયાના પ્રભાવ નીચે આવીને મારી જાત, પુત્ર, સ્ત્રી અને ઘરમાં મારું મન કદી આસક્ત ન બને, એવી કૃપા મારા ઉપર કરજો.

વૃત્રાસુરે આ પ્રાર્થના એકાંતવાસમાં નહિ, પરંતુ રણક્ષેત્રના મેદાનમાં મનને સ્વસ્થ અને પરમાત્મપરાયણ રાખીને કરી છે, એટલે એનું મહત્ત્વ સવિશેષ છે.

●

શરીર ઈશ્વરનું મંદિર છે, તેને સ્વચ્છ ને વ્યવસ્થિત રાખવાની તથા સુદૃઢ કરવાની જરૂર છે. સૌથી ઉત્તમ એવા પરમાત્માનો પ્રકાશ એમાં પથરાએલો છે. તેથી શરીરનો તિરસ્કાર કરવાનું કામ ડહાપણભર્યું નથી. **—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧** **ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮** **: ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૮—૧૦—૮૧ રવિવાર, આસો વદ છઠ, ૨૦૩૭,**
**સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

ગઈરાતે પ્રવચન પછી થોડી વાતો થઈ. પોતાને ત્યાં પૂ. શ્રી પધાર્યા છે. તેનો શ્રી સુરેશભાઈ ને વિમળાબેનને ખૂબ આનંદ છે. તેઓ કહે છે, ''પ્રભુ, દર વરસે અમે ટિકિટ મોકલીશું. અહીં જ આવો, રહો, તમે આવો છો તેથી અમને ખૂબ ખૂબ આનંદ થાય છે.''

આ પતિપત્ની બંને ખૂબ પ્રેમાળ, સત્સંગી ને સેવાભાવી છે.

આજે એ સૌને રજા હતી, તો ઘરમાં અઠવાડિયાનું કામ પણ ચઢ્યું હતું, તે કામમાં સૌ જોડાઈ ગયાં. પૂ. શ્રી પોતાના કામમાં નિયમિત રીતે મગ્ન બની ગયા. લેખન થઈ ગયા બાદ બપોરનું ભોજન ખીચડી, શાક ને શીરાનું પૂ. શ્રી સાથે સૌએ લીધું.

ભોજન બાદ પૂ. શ્રીએ આરામ કર્યો. સાડાત્રણે ગાયત્રી પરિવારના કાર્યક્રમમાં પૂ. શ્રીનું પ્રવચન થયું. બીજું પ્રવચન પાંચ વાગ્યે ગુજરાતી સમાજના એક હોલમાં થયું. સારથિપદ ઉપર પૂ. શ્રીએ સરસ વાતો કરી. સર્વેશ્વરીએ પણ ભજનો ગાયાં. પ્રવચન બાદ અહીંના જાણીતા સમાજસેવકે કહ્યું, ''સાચે જ, યોગેશ્વરજીનું પ્રવચન ખૂબ સરસ હતું, અમે અત્યાર સુધી ન સાંભળ્યા તો ઘણું ગુમાવ્યું છે.'' ગાયત્રી પરિવારનો કાર્યક્રમ પણ સૌને ખૂબ ખૂબ ગમ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. આજે બે કલાક પૂ. શ્રી બોલ્યા, જેથી થોડો થાક જણાય છે. તેથી આરામ.



સર્વેશ્વરી થોડીવાર નીચે સત્સંગની વાતો કરી ઉપર આવી ડાયરી લખી, આરામ કરે છે.

**તા. ૧૯—૧૦—૮૧ સોમવાર, આસો વદ સાતમ, ૨૦૩૭,**
**સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

સવારે પૂ. શ્રી વ્યાયામ, મંત્રજપ, ગીતાપાઠ કરી લેખન કરવા બેસે છે. સાડા અગિઆર સુધી તે કામ ચાલે છે.

આજે ભોજનમાં ભાખરી શાક લીધાં.

અહીં કપડાં મશીનમાં ધોવાય છે પણ પૂ. શ્રી તો પોતાનાં કપડાં જાતે જ આજકાલ ધોઈ નાંખે છે. ધોતીયું ને બંડી આજે ભોજન પછી ધોઈ નાંખીને કહે છે, ''ગરમપાણીની સગવડ હોય એટલે કપડાં ધોવાનો કંટાળો ના આવે.''

સાંજે પૂ. શ્રી દૂધ સાથે વેનીલા આઈસ્ક્રીમ લે છે. સાંજે શ્રી સુરેશભાઈ પરીખ પૂ. શ્રીને મળે છે. તેમણે પ્રકાશના પંથે વાંચ્યું છે. તેઓ પૂ. શ્રીને પ્રભુ જ માને છે. તેઓ વાતો કરતાં કહે છે, ''રામકૃષ્ણદેવનું જીવન વાંચેલું ત્યારે થતું કે તેમની પાસે દીક્ષા લેવાનું સદ્‌ભાગ્ય ક્યાંથી મળે? પણ પ્રકાશના પંથેનું વાંચન થયું ત્યારે જાણ્યું કે આ તો રામકૃષ્ણદેવ છે. તો આપ મને સ્વીકારો કે નહીં? મારે તો આપને ચરણે બેસી જવું છે.''

પૂ. શ્રીએ તેમને કહ્યું—''તમે કોઈને ગુરુ માનો પછી તે ગુરુ જીવંત હોય કે મૂર્તિ હોય કે પથ્થર પણ હોય, પછી તમારામાં શ્રદ્ધાભક્તિ હોય તો તમારું કામ થયા જ કરે છે. એમાં સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન જ નથી. તમને મંત્ર જ જોઈએ છે તો તે પણ આપીશું. આહારવિહાર પવિત્ર રાખવાના.''

શ્રી સુરેશભાઈ:—મને તો કોઈ વ્યસન જ નથી. હું તો તમારા પ્રવચન સિવાય કશે જતો પણ નથી.

શ્રી સુરેશભાઇ પૂ. શ્રીને પ્રથમવાર જ મળે છે. તેમની શ્રદ્ધા-ભક્તિ સારી જણાય છે.

ટોરન્ટો શહેર મુંબઇ જેવું છે, જેથી દરરોજ જુદા જુદા સ્થળે પ્રવચન ગોઠવાય છે. તેથી તે તે વિસ્તારનાં ભાઇબેનો ત્યાં લાભ લે છે. આજે પ્રવચન બાદ પૂ. શ્રીની જે જૂની ફિલ્મ ઉતારી હતી તે જોવાનો કાર્યક્રમ થયો.

ફિલ્મ જોઇને સુરેશભાઇએ કહ્યું, ''પ્રભુ, આપ પહેલીવાર આવ્યા ત્યારે ફોટાને કેસેટમાં આપને સાચવેલા. આ વખતે ફિલ્મમાં સાચવીશું ને જ્યારે જ્યારે જોઇશું ત્યારે ત્યારે તમે અમારી સાથે જ બેઠા હશો.''

પૂ. શ્રીનું ફિલ્મમાં સ્મરણ રાખવું તે સુરેશભાઇની ભાવના છે. અઢી કલાક ચાલે એવી બાર કેસેટ તો તૈયાર થઇ ગઇ છે.

આજે અધ્યાત્મના ગ્રાહકની નોંધ થતી હતી, ત્યાં શ્રી વિમળાબેન અધ્યાત્મના આજીવન સભ્યની રકમ પૂ. શ્રીને આપે છે.

પૂ. શ્રી ના પાડતાં કહે છે, ''તમે બધા સંસારી ઘરવાળાં. તમારે આટલી મોટી રકમ આપવાની ન હોય. દરવરસે વાર્ષિક ગ્રાહક બનજો. તમારે આટલી રકમ તો કેટલા બધા કામમાં આવે!''

પૂ. શ્રીએ ઘણું સમજાવ્યાં, પણ પતિપત્ની બંને ના જ પાડે છે. કહે છે, ''અમારે મન પ્રભુનું કાર્ય મહત્ત્વનું છે. થોડી વધારે મહેનત કરી લઇશું પણ અમારે તો આજીવન સભ્ય થવું જ છે. આપ તે વાત સ્વીકારો એટલી જ અમારી પ્રાર્થના છે.''

પૂ. શ્રીએ તેમની વિનંતી માન્ય રાખી.

શ્રી સુરેશભાઇ ને વિમળાબેન એક વિચારનાં છે. પૂ. શ્રી ઉપર બંનેને એકસરખો પૂજ્યભાવ છે. તેઓ બંને વાત કરતાં કરતાં કહેવા લાગ્યાં.



''પ્રભુ, આપ ગયે વખતે કેનેડા આવેલા ત્યારે પણ અમને ટિકિટ કઢાવવા દીધી ન હતી. આ વખતે તો અમે જ ટિકિટ કઢાવીશું. અમને ના ન કહેશો. એટલી સેવા જરૂર કરવા દેજો.''

પૂ. શ્રી : ઈશ્વરની કૃપાથી અમારી પાસે પણ પૂરતી રકમ છે. એટલે અમે જ ટિકિટ તો કઢાવીશું. અમારી પાસેથી પણ થોડું વપરાય તો સારું ને?

શ્રી સુરેશભાઇ : ના પ્રભુ, આ વખતે તો અમે જ ટિકિટ કઢાવીશું.

શ્રી વિમળાબેન : બીજી પણ એક વિનંતિ અમારી સાંભળો. આપ દર વરસે કે દર બે વરસે કેનેડા આવો. આરામ માટે છ આઠ મહિના અહીં રહો. અમે ટિકિટ ને સ્પોન્સર બંને મોકલીશું. બીજા કોઇ દેશનો પ્રવાસ ન રાખતા, કેનેડા જ આવજો.

પૂ. શ્રી : એ તો ઈશ્વરની ઇચ્છાની વાત છે. અન્નજળ હોય એટલું અવાય ને રહેવાય.

શ્રી સુરેશભાઇ : પ્રભુ દેશમાં કયા કયા સ્થળની યાત્રા કરવા જેવી છે તે પણ અમને લખાવજો. અમારે તો યાત્રા કરવી છે.

વિકાસ : (સુરેશભાઇનો પુત્ર) મહાત્માજી જ તો સાક્ષાત પ્રભુ છે. પછી તમારે કોનાં દર્શન કરવા જવું છે? પછી યાત્રાની શી જરૂર છે? દેશ જઇને મહાત્માજી સાથે જ રહેવાનું. એમનાં જ દર્શન કરવાનાં—તે જ યાત્રા.

ત્યાં વળી વિમળાબેન વિકાસને પૂછે છે, ''તું મહાત્માજી ને માને પગે લાગ્યો?''

વિકાસ કહે છે, ''હા, જો એ બંને ક્યાં જુદાં છે? બંને એક જ છે!''

વાતચીત પૂરી થાય છે. ધન્ય છે આ પરિવારની શ્રદ્ધાભક્તિને. બાળકો પણ કેવા સંસ્કારી છે! તે દર્શન આનંદ આપે એવું છે.

આવા આવા પ્રેમાળ પવિત્ર સંસ્કારી પરિવાર વિદેશમાં પણ વસે છે. તે જોઇ આનંદ થાય છે.

ઉપર આવી આરામ.

(ક્રમશઃ)

o

પ્રમાદ, આળસ, જડતા અને ઊંઘ એ તમોગુણનાં લક્ષણો છે. એટલે સાધકે એદીપણાને છોડીને ચપળ, ઉત્સાહી ને પુરુષાર્થી બનવાનું છે. વળી ઊંઘ જેવા વ્યાપારમાંથી વખત બચાવીને જીવનનું ઉત્તમોત્તમ ધ્યેય અમૃતપદની પ્રાપ્તિ કરવા દિનરાત મહેનત કરવી જોઇએ.

— યોગેશ્વરજી

ફોન : ૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦
મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫

દીપક સી. મહેતા

❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પનામાનાં એક બેનનો ભાવપૂર્ણ પત્ર

**કાન્તાબેન**

સંતપુરુષનાં વચનો કોઇ દિવસ નિષ્ફળ જતાં નથી. અમો ૧૫ જાન્યુઆરીએ સ્વર્ગારોહણ ગયાં હતાં, પૂ. માના દર્શનની જ વાત હતી, પરંતુ પછી એવી વાત થઇ કે આવેલાં છીએ તો વૃન્દાવન પણ જઇ આવીએ. પરંતુ આગળ જવા માટે ટેક્સીવાળા પાસે પરમિટ ન હતી. મેં કહ્યું કે, પૂ. માની આજ્ઞા વગર જવું નથી. પૂ. મા આપણને આજ્ઞા આપશે તો જરૂર જઇશું. અમે પૂ. માને મળ્યાં. મા કહે, “કાંતાબેન, લગ્નમાં જવું છે? માટે જલ્દી મળવા માટે આવ્યાં છો? મેં પૂ. માને કહ્યું કે મા તમારી આજ્ઞા મળે તો અમો વૃન્દાવન જઇએ.” પૂ. મા લખે છે, “આવ્યાં છો તો જઇ આવો. પરંતુ ડ્રાઇવર શું કહે છે?” તો પૂ. માને વાત કરી. “આગળ જવા માટે બીજા સ્ટેટ માટેની પરમિટ મંગાવવી પડે. માની આજ્ઞાથી અંબાજી પરમીટ આવી. પછી પૂજ્ય માએ કહ્યું કે રાજકોટ ૨૩ તારીખે બારોબાર આવી રહેજો. ત્યાં ૨૪, ૨૫ અને ૨૬ ત્રણ દિવસ પ્રોગ્રામ છે, અમોને એ વાતની કાંઇ ખબર ન હતી. પૂજ્ય માએ જણાવ્યું હતું કે ૨૬ જાન્યુઆરી ૨૦૦૩, બાળકોની હરિફાઇ છે રાષ્ટ્રીયગીતની. ૨૩ જાન્યુઆરીએ રાજકોટ પહોંચ્યાં, એ જ ટાઇમે પૂજ્ય મા પણ અરધો કલાક આગળ આવી પહોંચ્યાં.”

૫—૩૦ સત્સંગ રાખ્યો. પૂ. મા પણ ત્યાં હાજર હતાં. સત્સંગ પૂરો થતાં પૂજ્ય મા વિજયભાઇને ત્યાં માળઉપર જવા નીકળ્યાં. ત્યાં તો સ્મિતાબેન કહે છે કે કાંતાબેનને મા બોલાવે છે. ઉપર જઇ પૂજ્ય માને ભાવપૂર્વક પ્રણામ કર્યા. પરંતુ પૂજ્ય માનું સ્વરૂપ નિહાળીને પૂજ્ય માના ચરણકમળના અલૌકિક દર્શન થયાં. પૂજ્ય

માના આવા દર્શનથી ગદ્‌ગદ થઇ, તરત જ મને યાદ આવે છે, ભગવાન રામના ચરણકમળ ધોવા માટે કેવટ કેટલી પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! તમારા ચરણકમળની રજથી મને પાવન કરી દો, એવી રીતે કેવટ પાવન થયો. તો આંખમાં આંસુ સાથે પ્રાર્થના કરું છું કે આપનાં ચરણોની પૂજા કરી પાવન બનું, પરંતુ આવા અલૌકિક દર્શન કરીને આપે મને ધન્ય બનાવી. પૂ. માના ચરણોમાં ૐ નાં દર્શન થયાં. બે ચરણની વચ્ચે એક જ ૐ દેખાયો. બાદ પૂજ્ય માએ નારણકાકાને ત્યાંની નાની છોકરી સુકૃતિને બોલાવી ત્યાં જ ધૂન ગાવાનું કહ્યું. પૂજ્ય મા પૂછે છે, "શું કરે છે ઘરે શું રમે છે?" સુકૃતિબેન કહે કે, "હા મા." "અમે મા, માવાળું રમીએ છીએ." આવી રીતે તો મા આપણને ભાવની ગંગામાં નવરાવે છે.

મને બહુ ગમી એ ધૂન. કેવા ઊંચા સંસ્કાર છે. એના માબાપને ધન્ય છે. કેવા ઊંચા કૂળની બાલિકા! પૂ. મા મને કહે છે કે તમારું રહેવાનું જે. કે. ભાઇને ત્યાં છે, તમને ફાવે છે ને? "હા મા, અમોને ફાવે છે." આટલી કાળજી મા રાખે છે. અમારી સાથે કાયમ એક ભાઇને મોકલાવતાં. બીજે દિવસે ફરવા માટે પણ આજ્ઞા આપી હતી. જે. કે. ભાઇ તેમ જ લતાબેને સારી સેવા આપી. તા. ૨૪ જાન્યુઆરીએ અનાથઆશ્રમના બાળકોને વસ્ત્રદાન પૂ. માના હસ્તે થયું. ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રીયગીતની હરિફાઇમાં ૨૪ સ્કૂલનાં બાળકોએ ભાગ લીધો હતો. ત્યાં પણ વસ્ત્ર અને ચીકીનો પ્રસાદ પૂ. માના હસ્તે આપ્યો હતો. એ ત્રણ દિવસ અમારા માટે અગત્યના અને મૂલ્યવાન હતા. પૂજ્ય મા અમોને બોલાવે નહિ તો ક્યાંથી એ દિવસ જોવા મળે? પૂજ્ય મા દિવ્યકૃપા અમારાં જીવનમાં પ્રગટાવતાં રહો. રાજકોટનો પ્રોગ્રામ ઘણો સરસ હતો કે જેની કલ્પના પણ અમારાથી ના કરી શકાય. પ્રભુની એવી પ્રેરણા થઇ અને અમો



ત્યાં ગયાં. પરદેશમાં તો આવો લાભ ક્યાંથી મળે? ભારતદેશમાં હોઇએ તો મળે. પરદેશનાં કંચનબેન, ભગવાનજીભાઇ, સરોજ-બેન, આશાબેન, દિપુબેન, ગુલાબબેન, દેવીબેન, રવિભાઇ, મયૂર-ભાઇ, પરસોત્તમભાઇ, કાંતાબેન વગેરે પણ હાજર હતાં. સૌને ખૂબ આનંદ થયો.

જય કૃપાળું મા.

**કાંતાબેનના જયશ્રી હરિ. (પનામા.)**

આ દિવસો પણ ચાલ્યા જશે. —યોગેશ્વરજી

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# પ્રાર્થના અને દુઆનું મહત્ત્વ

**નારાયણ હ. જાની**

દુનિયાના બધા જ ધર્મોએ જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ સ્વીકારેલું છે. પરંતુ હિંદુધર્મના ભક્તિમાર્ગમાં તેના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તો પ. પૂ. યોગેશ્વરજી જેવા મહાપુરુષોએ જ્ઞાન, યોગ, કર્મ અને ભક્તિ બધાં જ સાધનોના સમન્વયદ્વારા ભલે સાધના કરી, પરંતુ તેઓનો સૌથી વિશેષ ઝોક તો પ્રાર્થના ઉપર રહ્યો. તેથી તો તેઓએ પોતાના આધ્યાત્મિક અનુભવોના આધારે પ્રાર્થનાને એક સ્વતંત્ર સાધના તરીકે મૂલવતો એક ગ્રંથ—'પ્રાર્થના એક સાધના છે.' લખ્યો. તેમાં તેઓએ સાચા દિલથી કરેલી પ્રાર્થનાના પ્રત્યુત્તરો સ્થૂલ ભૂમિકા પર પણ કેવા જોવા મળે છે, તેનાં ઉદાહરણઓ આપ્યાં છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું તો સારું આધ્યાત્મિક જીવન પ્રાર્થનાઓનો પરિપાક જણાય છે. શરૂમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી સાથે રહી જીવન જીવવાની તેઓની તીવ્ર ઝંખના કેવી અદ્‌ભુત રીતે ફળી, તે જાણવું રસપ્રદ બની જાય છે. તે કાર્યાન્વિત કરવા માટે કોઇ પણ પ્રકારના પ્રચલિત જપનો આધાર પૂ. માએ ન લેતાં, જે જપ કર્યો તે કોઇ શાસ્ત્રમાં ન જડે તેવો આ પ્રમાણે હતો. ''સાથે રાખો, શાન્તિ આપો.'' આ જપ એક પ્રાર્થનારૂપ જ હતો અને તેમાં તેઓએ સતત કેટલાય મહિનાઓ સુધી પૂ. ગુરુદેવને જ પ્રાર્થના કરી કે મારો સ્વીકાર કરી મને આપની સાથે રાખી શાન્તિ આપો. કોઇ જીવ જ્યારે પ્રભુપંથે સંતનું સાન્નિધ્ય પામી શાન્તિ માટે તડપતો હોય ત્યારે પ્રભુ પણ સમય પાકતાં, એની મદદે દોડી જાય છે. તે રાહ જ જોતા હોય છે. પરંતુ તે પહેલાં તે કસોટી અવશ્ય કરી લે છે. પૂ. માના જીવનમાં પણ એવું જ થયું. પૂ. શ્રી પાસે જવાનું થયું,



પરંતુ પૂ. શ્રીને અચાનક આવેલ હાર્ટએટેક નિમિત્તે. પૂ. મા માટે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે પૂ. શ્રીની સેવા કરવા રોકાઇ જવું કે નોકરી અને પરિવાર સાથે જોડાયેલાં રહેવું?

મહિનાઓની પ્રાર્થનાના જવાબરૂપે પ્રભુએ તક તો આપી—પૂ. શ્રીની પાસે જ રહેવાની, સેવા અને શુશ્રુષા કરવાની, પરંતુ નોકરી છોડ્યા સિવાય એ શી રીતે થઇ શકે?

અને પૂ. માએ જીવનની એ મહત્ત્વની ઘડીએ જે નિર્ણય લીધો—તે ખૂબ જ અઘરો હતો—ભૌતિક પદ ને પ્રતિષ્ઠાના ત્યાગનો, સુખ અને સગવડોના ત્યાગનો—ગુરુચરણે સર્વસમર્પણનો. એથી એક આધ્યાત્મિક ઇતિહાસ રચાઇ ગયો. ભગવદ્‌ગીતાની એ વાણી **त्यागात् शान्तिरनन्तरम्।** સાચી શાન્તિ જોઇતી હોય તો ત્યાગ કરવો જ પડે. ભૌતિક વસ્તુઓનું મિથ્યાપણું અંતરમાં ઉતર્યા સિવાય આવો ત્યાગ ના થઇ શકે. અને એવો ત્યાગ કર્યો તો પૂ. મા સરોજમાંથી સર્વેશ્વરી બની ગયાં. કેવળ સદ્‌ગુરુનાં ચરણોમાંની શ્રદ્ધા, પ્રાર્થના અને તપશ્ચર્યાના બળથી. આ ત્યાગ બહારના દેખાવનો ન હતો. ભીતરનો હતો—જે ખૂબ મહત્ત્વનો મનાય છે.

આ પછી પૂ. માને પ્રતીતિ થઇ ગઇ કે સાચા દિલથી કરેલી પ્રાર્થના જરૂરથી સંભળાય છે. સંભવ છે કે કદીક તેમાં વિલંબ થાય. તેવો વિલંબ પણ સાધકની ધીરજની કસોટી માટે પણ હોય. તેના આધ્યાત્મિક આંતરિક જીવનના ઘડતર માટે ધીરજ ખૂબ જરૂરી. તેથી પ્રભુ એ કસોટી પહેલાં જ કરી લે.

એ પછી પૂ. મા ના જીવનમાં એવું જોવા મળે છે કે તેઓ પ્રાર્થનાના આ સાધનનો ઉપયોગ ભક્ત કે સાધકની માંદગીના પ્રસંગે—તેના અકસ્માત કે ઓપરેશન પ્રસંગે—સમૂહ પ્રાર્થના, સમૂહ જપ કે સમૂહ સ્તોત્રગાનના રૂપમાં કરાવે છે.

શ્રી મોહનલાલ ભક્તની માંદગી પ્રસંગે મુંબઈમાં શ્રી યોગેશ્વર પ્રભુની બાવનીઓનું સમૂહગાન પૂ. માએ કરાવેલું. તેવી જ વાત શ્રી ઈશ્વરભાઇ ભક્તની માંદગી વેળા પણ, શ્રી તરલાબેન દેસાઇના અકસ્માત પ્રસંગે, કે શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર કે શ્રી એસ. સી. મહેતા સાહેબ કે ઘનશ્યામભાઇ દેસાઇના ઓપરેશનના પ્રસંગોએ તેમાં કદીક ૐ યોગેશ્વર રક્ષ મામ કે મહામૃત્યુંજયનો જપ હોય. એ પ્રાર્થના અને જપની પસંદગી પૂ. માની પોતાની હોય.

આવા એક સમૂહ જપ–પ્રાર્થના પ્રસંગે એક ભાઇએ અમને પૂછેલું કે શું આવી પ્રાર્થના કે જપોથી–જે તે વ્યક્તિને મદદ મળતી હશે? ભૌતિક પ્રત્યક્ષ પરિણામો પર ભરોસો કરનારા આપણને સૂક્ષ્મ જગતના આ ગૂઢ વ્યાપારોની જાણ શી રીતે થાય? તેનું દર્શન તો કોઇ સંત કે મહાત્મા જ કરી શકે. એટલે અમે શંકા કરનાર તે ભાઇને કહ્યું કે આ એક શ્રદ્ધાનો વિષય છે. એક વાત સમજી લો કે શ્રદ્ધા એ હકારાત્મક પરિબળ છે, એટલે એનું પરિણામ સારું જ હોવાનું. તેનાથી કોઇ નકારાત્મક ફલ તો નીપજવાનું નથી. એટલે એમાં વિશ્વાસ રાખવામાં કોઇ પ્રકારનું નુકસાન તો નથી જ. એ પ્રસંગે અમે શ્રી દિલીપકુમાર રોયનું એક વાક્ય પણ કહ્યું ‘‘ન માનવા જેવી વાતો માનવાથી, જે નુકસાન થાય, તેનાથી વધારે માનવા જેવી વાતો ન માનવાથી થાય. તે નુકસાન જીવનમાં કદી ભરપાઇ કરી શકાતું નથી.’’ આ વાત ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરનાર માનવોના સંબંધમાં વિચારતાં કેટલી બધી સાચી લાગે છે!

આજના આ યુગમાં આપણે વિજ્ઞાનને એટલું બધું મહત્ત્વ આપ્યું છે કે કોઇ આધ્યાત્મિક સત્યને વૈજ્ઞાનિક ધોરણે કરેલ ચકાસણીમાં સફળતા મળે, તો આપણે તે વાતનો તુરત જ સ્વીકાર કરી લેવાના. તેમાંય પશ્ચિમી દેશોનો–કોઇ વિજ્ઞાની કે દાક્તર આપણને કંઇ કહે



તો આપણે તેનો તરત સ્વીકાર કરી લેવાના. આપણને આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓની અનુભૂતિઓ કરતાં, વૈજ્ઞાનિક પ્રયોગોદ્વારા પ્રમાણિત થયેલાં પરિણામોપર વધારે વિશ્વાસ બેસે છે, કારણ કે તેનાં પરિણામો કેટલીકવાર પ્રત્યક્ષ દેખાય છે. કોઈની માંદગીના પ્રસંગોએ તેના સ્નેહીજનોએ કરેલી પ્રાર્થનાનાં કેવાં હકારાત્મક પરિણામો આવે છે તે વાત હમણાં અમારા વાંચવામાં આવી.

આ પુસ્તકનું નામ છે ‘ઇસ્લામ અને આરોગ્ય’ અને તેના લેખક છે ભાવનગરના જાણીતા ડોક્ટર શ્રી એસ. એસ. વરતેજી. તેઓએ નોંધ્યું છે કે ‘‘આજનાં ભૌતિકવાદનાં યુગમાં આધુનિક (!) આદમીને ગજબનાં અચંબામાં નાંખી દે તેવું સંશોધનાત્મક સર્વેક્ષણ વાંચવા મળ્યું. દર્દીનાં ઇલાજમાં દવા સાથે દુઆનું મહત્ત્વ અદકેરું છે. આમ તો દરેક બાબતમાં ઇસ્લામમાં દુઆ કરવા બાબતપર ખાસ તાકીદ કરાઇ છે. સાચા દિલથી (સાચા શબ્દપર વજન મૂકું છું.) કરેલ દુઆ અફળ નથી જતી.

સાનફ્રાન્સીસકોની જનરલ હોસ્પિટલના હૃદયરોગ નિષ્ણાંત ડો. રેન્ડી બીયાર્ડ પોતે ‘મોલેક્યુલર બાયોલોજી’નાં તારણો જોઇ પોતાનાં પ્રયોગને અંતે આશ્ચર્યચકિત થઇ ગયા. તેઓએ પોતાના રીસર્ચ પ્રોગ્રામ માટે ૩૯૩ હૃદયરોગના દર્દી પસંદ કર્યા. તેમાંનાં ૧૯૨ દર્દીઓ માટે દર્દીની જાણ બહાર પાંચથી છ શુભેચ્છકોએ રોજ તેમની તંદુરસ્તી માટે હૃદયપૂર્વક ૬ મહિના માટે પ્રેયર (ઇબાદત–પ્રાર્થના) કરી અને સાથે દવા તો રાબેતા મુજબ ચાલતી જ હતી. બાકીના ૨૦૧ દર્દીઓની દવા પણ તે મુજબ જ હતી. પરંતુ તેઓ માટે કોઇ દુઆ કે પ્રાર્થના (પ્રેયર) કરતું નહોતું. છ મહિનાના અંતે ડો. રેન્ડી બીયર્ડે બંને ગ્રૂપનાં દર્દીઓને તપાસ્યા અને તેઓને અનોખું, અજીબોગરીબ આશ્ચર્ય થયું અને તેઓ દંગ

રહી ગયા. જે દર્દી માટે દુઆ—પ્રાર્થના થતી હતી તેઓની હાલત સુધરી હતી, શારીરિક વિકાસ થયો હતો, પરિશ્રમ કરવાની શક્તિ વધી હતી તથા અન્ય રોગો સામે પ્રતિકારક શક્તિ પણ વધી હતી, જ્યારે જે દર્દીઓ ફક્ત દવા પર જ હતા, તેઓની સરેરાશ શારીરિક તંદુરસ્તી લથડી હતી. ડો. રેન્ડીએ વિચાર્યું કે દર્દી માટે અન્ય કોઇ પ્રાર્થના ખરા હૃદયથી કરે તો આટલી સારી અસર થઇ શકે તો પછી દર્દી પોતે જ સાચા દીલથી દુઆ—ઇબાદત કરી શિફા માંગે તો શું ન થઇ શકે?''

''દવાથી માત્ર કશું નહીં વળે ચારાગર!!
દુઆ પણ ઉમેરો આપની સારવારમાં.''
**(ચારાગર=તબીબ)**

આ વાંચ્યા પછી શું નથી લાગતું કે આપણા કોઇ પણ પરિચિતની કોઇ પણ પ્રકારની મુશ્કેલીમાં પ્રભુપ્રાર્થનાનો આશ્રય લઇ આપણે તે વ્યક્તિને કેવી ગેબી સહાય પહોંચાડી શકીએ છીએ. તેથી જ પરિચિતો માટે જ શા માટે, સારી માનવજાતની શાન્તિ અને સુખ સારુ પ્રાર્થના કરીએ તો તેની પણ એક વ્યાપક સૂક્ષ્મ અસર જરૂરથી પેદા થાય છે, તેમાં વિશ્વાસ કરીએ. એથી તો આપણા ઋષિઓએ કેવી સરસ પ્રાર્થનાઓ કરી છે તે આપણે રોજ પ્રભાતે—શાંતચિત્તે શ્રદ્ધાપૂર્વક કરવી જોઇએ.

**सर्वे भवन्तु सुखनः सर्व सन्तु निरामयाः।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेत्॥**
**न त्वम् कामये राज्यं ना स्वर्गं ना पुनर्भवम्।**
**कामये दुःखतप्तानां प्राणीनां आर्तिनाशनम्॥**



# મા

(મંદાક્રાન્તા)

મા તારા આ ઉપવન મહીં પુષ્પ કેવાં ખીલે છે,
ખુશ્બુ એની મુજ ઉરમહીં હૂંફ શાન્તિ ધરે છે.

આશા, તૃષ્ણા, મૃગજળ તણી, દોડતા મૃગલાને,
તારે દ્વારે શીતલજલને સ્નેહ છાયા મળે છે.

આરાસુરી આઇ ભગવતી, દિવ્ય માયા રચી તેં,
સ્વારી તારી હિંસક પશુની ગાત્ર ઢીલાં કરે છે.

શ્રદ્ધા સાથે નીડર બનવા શીખ તું દેતી લાગે,
તેથી જાણું જગતજનની વાઘ સ્વારી કરે છે.

શીક્ષા દેવા ચલિતમનને કાલી રૂપે પ્રકાશે,
મુખે ગુસ્સો ખડગ કરમાં લાલ આંખો કરે છે.

કિન્તુ તારા પંકજ ઉર તો સ્નેહ સુધા વહાવે,
પશ્ચાત્તાપે ગદ્ગદ્ થતાં બાળ હૈયે લગાડે.

**અરવિંદભાઇ જોષી (પંકજ)**

# આધુનિક યુગનાં મીરાં—મા સર્વેશ્વરી

નારાયણ હ. જાની

કેટલીક પળો જગતની પાવન પળો હોય છે. શ્રી સર્વેશ્વરીનો જન્મ પણ એવી જ પાવન પળોમાં થયો.

જન્મ : ૧૩–૧૧–૧૯૪૩, શ્રી શ્રી મા સર્વેશ્વરી

શૈશવથી જ એમની શક્તિ અને પ્રકૃતિ અસાધારણ હતી. બી. એ., બી.એડ. કરીને કેળવણી ક્ષેત્રે પદાર્પણ કર્યા પછી એમના આધ્યાત્મિક સંસ્કારો સર્વોચ્ચ સ્વરૂપે પ્રાદુર્ભાવ પામ્યા.

ઈ. સ. ૧૯૭૧ માં એમને શ્રી યોગેશ્વરજીનો સમાગમ થયો. એમનો પ્રેમ, વિશ્વાસ, સમર્પણભાવ સોળે કળાએ ખીલી ઊઠ્યાં.

સુરતના સાધના વિદ્યાભવનના પ્રાથમિક વિભાગનાં આચાર્યા તરીકે એમને પ્રશંસકો, ભક્તો, અનુયાયીઓ પરમ પૂજ્યભાવે નિહાળવા લાગ્યા. એમના હૃદયમાંથી નીકળતાં સ્વરચિત ભજનો સાંભળીને મન મુગ્ધ બનતું.



ઈ. સ. ૧૯૭૯ ના નવેમ્બરમાં શ્રી યોગેશ્વરજીને ભયંકર હાર્ટએટેક આવ્યો ત્યારે એમણે ખૂબ જ પ્રેમપૂર્વક સેવા કરી અને શાળાના આચાર્યપદેથી રાજીનામું આપી દીધું. એમનું જીવન શ્રી યોગેશ્વરજીની સેવામાં સમર્પિત થયું. એમણે શ્રી યોગેશ્વરજી સાથે ઝામ્બિયા, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને સાઉથ—આફ્રિકાના પ્રવચન—પ્રવાસો કરીને ત્યાંની જનતાની ચાહના પ્રાપ્ત કરી છે.

એમના ભજનસંગ્રહો અર્ઘ્ય અને અંજલિ આ પહેલાં પ્રસિદ્ધિ પામ્યા છે અને તે ખૂબ જ લોકપ્રિય બન્યા છે.

તેઓ એક સુંદર લેખિકા તથા વક્તા પણ છે. સમાજ એમની પાસેથી ઘણી ઘણી આશાઓ રાખે છે. એમને પ્રકટાવીને ગુજરાતની ધરતી ધન્ય બની છે.

૧૮ માર્ચ ૧૯૮૪, પછી એટલે કે, પ. પૂ. યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી તેઓ સમગ્ર યોગેશ્વર પરિવાર માટે તેઓનાં ઉત્તરાધિકારી બન્યાં છે. તેમ જ પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું આધ્યાત્મિક યુગકાર્ય આગળ ધપાવી રહ્યાં છે.

પ. પૂ. યોગેશ્વરજીની વિદાય પછી તેઓએ અન્ન અને મીઠાનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. એટલે કે છેલ્લા ૧૯ વર્ષથી તેઓએ કોઈ ભોજન લીધું નથી. પણ માત્ર દૂધ, ફળ અને પાણી લે છે. તેમાંય વર્ષના ૧૨૫ દિવસ તો તેઓ પાણી વગરના ઉપવાસ કરે છે. કઠોર તપ અને તીવ્ર સાધનાથી, તેઓનું શરીર કૃશ થઈ ગયું છે. પરંતુ તેઓનું આત્મિક બળ અગાધ છે. તેના આધારે તેઓ ભારતમાં જ નહિ, પરંતુ અમેરિકા, પનામા, કેનેડા, ઈંગ્લેન્ડ જેવા વિદેશોમાં પરિભ્રમણ કરતાં રહે છે. વિચરણ દરમ્યાન જીવનશુદ્ધિ, પ્રભુ-પરાયણતા અને પરોપકારનો બોધપાઠ લોકોને આપી રહ્યાં છે. તેઓનું અંગત જીવન જ આત્મિક સાધનાના સર્વોષ્ટ ઉદાહરણ રૂપ

હોઇ, અનેકોના જીવન પરિવર્તનનું પ્રેરકબળ બન્યું છે.

આમ મા સર્વેશ્વરીએ આધુનિક ભારતનાં સ્ત્રીસંતોમાં આગવું અને આગળનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

તેઓએ મે, ૧૯૯૩ માં ૫૫ જેટલી કેસેટોમાં પૂ. યોગેશ્વરજીની કાવ્યકૃતિઓને પોતાનો સુરીલો કંઠ આપી, જનસમાજને ચરણે ધરી ઘણી મહાન સેવા કરી છે. જે હવે પછીના દિવસોમાં યાદગાર બની રહેશે.

૫. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી તેઓશ્રીના ભક્તો કે અનુયાયીઓમાં પૂ. સર્વેશ્વરી જ એક સર્વોત્તમ તપસ્વીની ને પથપ્રદર્શક તરીકે સ્થાન પામ્યાં છે. પોતાના જીવનના છેલ્લા દિવસોમાં પૂ. મહાત્માજીએ ખૂબ સમજપૂર્વક સત્સંગની બેઠકોમાં કે જાહેર પ્રવચનોમાં, ભક્તો સાથેના પત્રવ્યવહારોમાં કે અંગત મુલાકાતોમાં, પૂ. માને આગળ કરીને, પોતાની હયાતી દરમ્યાન જ પોતાનાં ઉત્તરાધિકારી તરીકે પ્રસ્થાપિત કરી દીધાં હતાં. એ મહાપુરુષે પૂ. મામાં રહેલા દૈવી અંશોનું દર્શન પોતાને થતું તે નિર્ભિક રીતે લોકો સમક્ષ રજૂ કર્યું. એ પાછળનો એમનો હેતુ શુભ હતો, પૂ. માની પ્રશસ્તિ કરવાનો ન હતો; પરંતુ પૂ. માના ભગવતી સ્વરૂપનો યથાર્થ પરિચય લોકોને મળી રહે, તેઓ એમને ભગવદ્-ભાવથી જુએ, તેમનો લાભ લે, જીવનનું આત્મિક કલ્યાણ સાધી લે, એ શુભ હેતુ હતો.

એક યુવાન સ્ત્રીને પોતાની સાથે રાખવામાં ઘણાં જોખમો હતાં, પરંતુ પૂ. માની પવિત્રતા, સરળતા, સેવાભાવના ને સર્વસમર્પણતા એટલા બધાં ઉત્કટ કે પૂ. ગુરુદેવે લોકાપવાદની કશી પરવા કર્યા સિવાય, તેમને પોતાની સાથે રાખ્યાં. આ બાબતમાં તેઓ પોતાના આત્મિક અનુભવોને જ અનુસરતા. પરમ ઉપાસ્યા મા જગદંબાની



પ્રેરણાઓ અને આદેશોને પ્રમાણભૂત લેખતા. તેઓ સુસ્પષ્ટપણે કહેતા કે ''મા શ્રી સર્વેશ્વરી એમની સાધનાના ફલસ્વરૂપ મા જગદંબાનું મનુષ્ય સ્વરૂપે પૃથ્વીપર અવતરણ છે. જેઓ એમને જાણશે, ઓળખશે ને અનુસરશે, તે તરી જશે. પરંતુ તેમના સાચા સ્વરૂપને કેટલા ઓળખી શકશે? બહુ જ ઓછા.''

પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. શ્રી સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ ખૂબ જ મોટા પ્રમાણમાં છતું થયું છે. એમની સાધના, એમનાં તપ અને તિતિક્ષા, એમની ગુરુપ્રત્યેની પ્રભુરૂપ ભાવભક્તિ, એમની નિર્મોહિતા ને નિઃસ્વાર્થતા, મનુષ્યો માટે દૃષ્ટાંતરૂપ, પ્રેરણારૂપ ને પથપ્રદર્શકરૂપ બન્યાં છે :

આપણે મધ્યયુગની મેવાડની રાણી મીરાંને એમની કૃષ્ણભક્તિ માટે બિરદાવીએ છીએ, પરંતુ આપણી વચ્ચે જ વસતાં પૂ. ગુરુદેવના સ્વરૂપને સાથે લઇને, દેશ–વિદેશોમાં વિચારતાં પૂ. માને નથી ઓળખી શકતા. એ કેવી કરુણતા?

પેલાં મીરાંબાઈનાં ભજનો એમની આત્મનિવેદન ભક્તિથી ભરપૂર છે, તો પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં ગીતો અને ભજનોમાં એવી જ મધ્યકાલીન મીરાંની પ્રભુભક્તિની મસ્તીનો રણકો સંભળાય છે. એમનો કંઠ પણ એવો જ સુરીલો ને ભાવવાહી છે. એટલે જ શ્રી ઈશ્વરભાઇ પેટલીકર જેવા ગુજરાતી સાહિત્યકારે એમને પહેલા પરિચયે જ આધુનિક મીરાંનું બીરુદ આપેલું. આજે શ્રી પેટલીકર હયાત નથી, પરંતુ જીવિત હોય તો એમને પૂ. માનું આવું કઠોર તપ જોઇ, કેટલો બધો આનંદ થાત! પોતે સહજભાવે આપેલું બીરુદ કેટલું બધું યથાર્થ ને સાર્થક લાગત!

પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. માએ કદી કલ્પનામાં ના આવે એવો આધ્યાત્મિક ઈતિહાસ સર્જ્યો છે. તેમાં તેમનો પૂ. શ્રીની

વિદાય પછી અન્નના પરિત્યાગનો સંકલ્પ એવો અશક્ય જેવો લાગ્યો કે યોગેશ્વર પરિવારના સાધકો પણ દિગ્મૂઢ બની ગયેલા. પરંતુ આજે ૧૯ વર્ષ પછી લાગે છે કે તે સંકલ્પ પ્રભુ જ પૂરો કરી રહ્યા છે. તે સાથે મીઠાનો પણ ત્યાગ અને વર્ષમાં ૧૨૫ દિવસનાં નિર્જળાવ્રત, તો વળી ખાંડનો પણ ત્યાગ અને છેલ્લાં નવ વર્ષથી મૌન—વાણીને પણ વિરામ. વળી આ બધું તપ પૂ. મા ભક્તોની વચ્ચે વસતાં વસતાં કરે છે. તેમાં ક્યાંય પણ કશી શંકાને અવકાશ રહેવા દેતાં નથી. એ પૂ. માની વિશેષતા છે.

આ તો થઇ સ્વાંતઃ સુખાયના તપની વાતો. પોતાના ગુરુદેવની પ્રસન્નતા માટે કે આત્મિક સાધનાના ભાગરૂપે પૂ. મા બધું તપે છે. તેમાં ક્યાંય બાહ્ય દેખાવ, કોઇ પ્રચાર કે પ્રસિદ્ધિની ખેવના જોવા જ ના મળે.

આવી સાધનાની સાથે સાથે પૂ. મા લોકહિતની પ્રવૃત્તિઓ પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં કરતાં રહે છે. તેઓનું સર્વોત્કૃષ્ટ સર્જન છે. અંબાજીમાનું સ્વર્ગારોહણ અને તેમાંનું શ્રી યોગેશ્વર તીર્થ. અનેક સાત્ત્વિક પ્રવૃત્તિઓથી ધમધમતું સ્વર્ગારોહણ લાગે, છતાં પૂ. માને જોઇએ તેવું સાવ અલિપ્ત. તેમનું મન આત્મસ્થ અને સર્વે પ્રવૃત્તિનો યશ એક ગુરુદેવ પ્રભુને જ ધરતાં રહે. ગમે તેવી મોટી પ્રવૃત્તિમાં પણ પૂ. માની ખૂબ ચોક્સાઇ દેખાય છતાં મનથી પૂરાં અલિપ્ત, અસંગ. આવી અસંગતા પ્રભુની પ્રત્યક્ષ અનુભૂતિ સિવાય શક્ય નથી.

પૂ. માની સૌથી મોટી વાત તેઓની સહજતા અને સરલતા છે. એક નાના બાળક જેવાં તે નિર્દોષ ને પ્રસન્ન લાગે. પૂ. માને બાળકો ખૂબ ગમે. પૂ. માના મુખ ઉપર હાસ્ય જ દેખાય. તેઓ પોતે મુક્ત મને હસી શકે ને હસાવી શકે. મોટી પ્રખર સાધનાનો કે મોટા આધ્યાત્મિક સંતપણાનો કોઇ ભાર ક્યાંય જોવા ન મળે. આવું સદા પ્રસન્ન



અને હસમુખી વ્યક્તિ—આધ્યાત્મિક ક્ષેત્રે બહુ ઓછી જોવા મળે.

દુઃખી, દર્દી કે અભાવગ્રસ્તો પ્રત્યે પૂ. માની અનુકંપા ખૂબ જ. તેવી વ્યક્તિઓ જ્યારે તેઓની પાસે આવે, ત્યારે પૂ. માની ઉદારતા અને કરુણા જોવા મળે. કોઇ પણ જાતના જ્ઞાતિ, ધર્મ કે સંપ્રદાયના સંબંધવિના તેઓ વરસતાં જ રહે છે. આ છે એમનું જગજનની સ્વરૂપ.

પૂ. માની લોકહિતની પ્રવૃત્તિમાં ક્યાંય ઉધામા જણાય નહિ. બધું જ સાહજીક. કચ્છનો ભૂપકંપ હોય, કે આદિવાસીઓની શારીરિક બીમારીઓ, તેઓનો અન્નવસ્ત્રોનો અભાવ, ભણતી ગરીબ દીકરીઓના પોષાકોનો પ્રશ્ન—જે સમયે જે સામે આવે તેમાં એક શ્રેષ્ઠ મનુષ્ય તરીકે શક્ય તે બધું જ કરી છૂટવું, એવી પૂ. માની વિચારસરણી. આ બધી પ્રવૃત્તિઓ સાધકોના માધ્યમદ્વારા કરાવતાં જ રહે અને સાથે સાથે સાધકના જીવનનું આધ્યાત્મિક લક્ષ ચૂકી ન જવાય તેનું પણ પૂ. મા ખૂબ ધ્યાન રાખે.

આવાં પૂ. માને ચાલો આપણે ઓળખીએ અને એમનો લાભ લઇ જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ સાધી લઇએ. પરંતુ ભગવાનની કૃપા ને પૂર્વજન્મોના પુણ્યોના ઉદયવિના સંતો પાસે જવાનું શક્ય બનતું નથી, એ હકીકત છે.

એટલે અમે કહીએ છીએ કે પૂ. મા એક આધ્યાત્મિક ઇતિહાસ સરજી રહ્યાં છે. તેમનાં સમકાલીન થવાનું સદ્‌ભાગ્ય જેમને મળ્યું છે, તેઓ આ આધુનિક મીરાંને ઓળખી લે, લાભ લે ને જીવનને ઉન્નત ને ધન્ય કરે.

પરંતુ શ્રી પેટલીકરજીની જેમ પૂ. શ્રીએ પરિચય કરાવ્યા છતાં કેટલા ઓળખી શકશે એ પ્રશ્ન છે.

◎

# પૂ. પાંડુરંગ દાદાને પૂ. મા અને સાધકોની શ્રદ્ધાંજલિ

મા સર્વેશ્વરી

(વિક્રમ સંવત ૨૦૬૦ નું વર્ષ તા. ૨૬–૧—૦૩ ના રોજ સવારે બેસે છે. સ્વર્ગારોહણમાં પૂ. મા સવારની બેઠકમાં ૭–૦૦ કલાકે ખંડમાં પધારે છે. સમૂહમાં ૧૦૦૦ પ્રણામ કરે છે અને ૧૫૦ જેટલા સાધકો પણ પ્રણામમાં જોડાય છે. પ્રણામ પૂરા થાય છે ત્યારે પૂ. પાંડુરંગદાદાના દેહવિલયના સમાચારની સ્મૃતિ થાય છે. તરત જ શ્રદ્ધાંજલિ આપે છે અને બે મિનિટ મૌન પાળે છે.)

પૂ. મા લખે છે : ગઈકાલે રાત્રે અમને સમાચાર મળ્યા કે સ્વાધ્યાય પરિવારના પૂ. શ્રી પાંડુરંગદાદાનો દેહવિલય થયો છે. એક સંત વિભૂતિ પોતાને સોંપાયેલ અભિનય શ્રેષ્ઠ રીતે ભજવીને વિદાય થઈ. આખા દેશ ને વિશ્વના ઘણા દેશોમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલુ કરી, પૃથ્વી પરથી શુભ પ્રવૃત્તિ કરનારા વિદાય લે તો સ્વાભાવિક રીતે જ સમાજને એક મોટી ખોટ પડે. એમનાં શુભકાર્યો વર્ષો સુધી જનસમાજ યાદ કરશે. અને ચાલુ રાખશે. એમના દેહવિલય નિમિત્તે બે મિનિટ મૌન જાળવી પ્રાર્થના કરીશું.



# સનાતન ધર્મસાર

યોગેશ્વરજી

- સદાચાર પાલન માટે ઉપયોગી સાધનો :

૧. તૃષ્ણાને કાપી નાખો.
૨. ક્ષમાનું સેવન કરો.
૩. મદનો ત્યાગ કરો.
૪. પાપકર્મમાં પ્રીતિ કરો નહીં.
૫. સત્ય વચન બોલો.
૬. વિદ્વાન લોકોની સેવા કરો.
૭. સૌને માન આપો, વિનયથી વર્તો.
૮. પોતાનાં ગુણોને પ્રકટ ન કરો.
૯. દુઃખી ઉપર દયા કરો.

- ક્ષમાનું લક્ષણ :

ખોટી વાણી વગેરેથી કોઈ માનસિક દુઃખ દે, અથવા પ્રહારાદિવડે શારીરિક દુઃખ દે, તોપણ તેના ઉપર ક્રોધ ન કરવો તથા તેને દંડદેવાની ઈચ્છા પણ ન કરવી, તેને ‘ક્ષમા’ કહે છે.

- વાણીનાં ચાર પ્રકારનાં પાપ :

૧. કઠોર વાણી (બીજાને ઉદ્વેગ થાય તેવી)
૨. મિથ્યા વચન.
૩. સર્વ પ્રકારની ચાડી.
૪. પ્રયોજન વિનાનો અસંબંધ પ્રલાપ.

- ઉત્તમ વાણી :

૧. જે સાંભળતાં જ અમૃત તુલ્ય હોય.

૨. સર્વ કાળમાં સુખ દેનાર હોય.

૩. સત્યનાં સારરૂપ હોય.

૪. હિતકારી હોય.

● સત્કર્મનો મહિમા :

૧. દુર્જનને સજ્જન બનાવે છે.

૨. મૂર્ખને પંડિત બનાવે છે.

૩. અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે.

૪. પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ બનાવે છે.

૫. હલાહલ વિષને અમૃત બનાવે છે.

● વૃદ્ધોને માન આપવાની રીત :

૧. વૃદ્ધોને પ્રણામ કરવા.

૨. આપણા આસનથી ઉચ્ચ આસન આપવું.

૩. એમની આગળ હાથ જોડીને ઊભા રહેવું, તેમની સેવાદિ કરવું.

૪. તેઓ જાય ત્યારે થોડે દૂર સુધી, તેમની પાછળ વળાવવા જવું.

**(ક્રમશઃ)**

○



# પ્રશ્નોપનિષદ્–(૨)

**યોગેશ્વરજી**

## (૨) શાંતિપાઠ ને શરૂઆત

પ્રશ્ન ઉપનિષદ્ પણ બીજાં બધાં જ મહત્ત્વનાં ઉપનિષદોની પેઠે શાંતિપાઠથી જ શરૂ થાય છે. માનવના નિર્મળ ને ભાવમય હૃદયમાં રહેલી મંગલમય ને પ્રભુંય જીવન જીવવાની ભાવના તેના શાંતિપાઠમાં પ્રકટ થાય છે. ઋષિ કહે છે કે દેવતા કે પરમાત્માએ નક્કી કરેલું આયુષ્ય અમે ભોગવીએ. એ શબ્દોમાં પ્રભુપરાયણતા ને સમર્પણતાની સુવાસ દેખાય છે. પરંતુ એ આયુષ્ય અમંગલ હોય તો? તો તો જીવવાનો આનંદ ભાગ્યે જ મળે ને તેવા જીવનમાં રસ કે સાર પણ ભાગ્યે જ રહે. જીવન થોડું હોય કે વધારે ને લાંબુ હોય કે ટૂંકું, તેના કરતાં કેવા સ્વરૂપનું છે તે મુદ્દો વધારે મહત્ત્વનો છે. જો તે ગંગાના નીર જેવું નિર્મળ ને સુમનસમું સુવાસિત હોય તો તો સદાને સારુ ને પોતાને તથા બીજાને માટે આશીર્વાદરૂપ થઇ પડે. તેથી ઊલટું, તે અશુદ્ધિ, અનાચાર ને અધર્મનું ઘર હોય તો પોતાને તથા બીજાને નુકશાનકારક ને અભિશાપરૂપ થઇ જાય. તેથી જ શાંતિપાઠમાં ઋષિ ઉત્તમ જીવનની પ્રાર્થના કરે છે. શરીર, મન ને ઇન્દ્રિયોની પ્રવૃત્તિને પવિત્ર તથા આત્મોન્નતિની મહાન સાધનામાં સહાયક કરી જીવનને મંગલમય કરવાની કામના કરે છે. ઋષિ ભાવના કરે છે કે હે પ્રભુ! કાનથી અમે જે કલ્યાણકારક છે તે જ સાંભળીએ; આંખદ્વારા બધે તમારી લીલા ને તમારા વિશ્વરૂપનું દર્શન કરીએ; શરીરને નીરોગી ને દૃઢ કરીએ તથા તેની મદદથી તમારી પ્રસન્નતા થાય તેવાં કામ કરતા રહીએ; એ રીતે મંગલતાની મૂર્તિ થઇને અમે તમારા મહાન ઉપહાર જેવા આ જીવનને

ભોગવીએ. ઇંદ્ર ને બીજારૂપે રહેલા તમે અમારું કલ્યાણ કરો.

મંગલમય જીવનની એવી ઉત્તમ ભાવનામાં સ્નાન કરવાનો આપણને પણ આનંદ આપીને આ ઉપનિષદ્ આગળ વધે છે. ઉપનિષદ્‌ના નામ પ્રમાણે આ પ્રશ્ન ને ઉત્તરનું જ ઉપનિષદ્ છે તેમાં જુદા જુદા જિજ્ઞાસુ તરફથી પૂછાયેલા છ પ્રશ્નો ને તેના ઉત્તરો છે. શરૂઆતમાં જ આપણી જિજ્ઞાસા શાંત કરતાં કહેવામાં આવે છે કે પિપ્પલાદ નામે એક મહર્ષિ હતા. તે બ્રહ્મજ્ઞાની હતા. તેમની પાસે જુદા જુદા છ જિજ્ઞાસુ હાથમાં સમિધ લઈને ગયા. તે બધા પરમાત્માનું ચિંતન કરનારા ને પરમાત્મામાં શ્રદ્ધા રાખનારા હતા. તે છ જિજ્ઞાસુ આ પ્રમાણે હતા—૧. ભરદ્વાજનો પુત્ર સુકેશા. ૨. શિબિનો પુત્ર સત્યકામ. ૩. ગર્ગ ગોત્રનો સૌર્યાયણી—સૂર્યનો પૌત્ર. ૪. અશ્વલનો પુત્ર કૌસલ્ય. ૫. વિદર્ભ દેશનો ભાર્ગવ ને ૬. કત્યનો પ્રપૌત્ર કબંધી.

તે બધા ઋષિની પાસે પહોંચ્યા એટલે ઋષિએ તેમને તપ, બ્રહ્મ-ચર્ય ને શ્રદ્ધા સાથે એક વરસ રહેવાની ને તે પછી જે પૂછવું હોય તે પૂછવાની આજ્ઞા કરી. વળી કહ્યું કે જો હું જાણતો હોઈશ તો તમને સારી રીતે સમજાવીશ.

ઋષિના એ શબ્દો બરાબર મનન કરવા જેવા છે. જ્ઞાન મેળવવા માટે ઋષિએ છ જિજ્ઞાસુઓને એક વરસ વિધિપૂર્વક રહીને રાહ જોવાની સલાહ આપી. તેમાંથી એક સાર એ નીકળે છે કે આત્મજ્ઞાન કેવળ વાતોનો કે ચર્ચાનો વિષય નથી. તેની સાથે કેટલીક જરૂરી ધીરજ ને સાધના પણ સંકળાયેલી છે. બીજી વાત એ કે એક વરસ તપ ને શ્રદ્ધાપૂર્વક રહેવાથી નવો વિકાસ થાય, અજ્ઞાન દૂર થાય, લાયકાત વધે ને પ્રશ્નોના કેટલાક ઉત્તર અંતરમાંથી જ આપોઆપ મળી જાય. જ્ઞાનની કિંમત પણ સમજાય. આજે તો વખત બદલાયો



છે ને જ્ઞાન પ્રમાણમાં અત્યંત સુલભ થયું છે. બાકી આજે ચર્ચા જ્ઞાન વધ્યું છે. તેવા માણસોને વરસ કે છ મહિના તો શું પણ એક દિવસ રાહ જોવાનું ને તપ કરીને તૈયાર થવાનું કહેવામાં આવે તો ભૂલેચૂકે લાવેલી સમિધ પાછી લઈને તે તો ચાલતા જ થાય. માણસોને મોટે ભાગે ફળ જોઈએ છે, પણ તેની કિંમત ચૂકવવાનું નથી ગમતું. ચૂકવવી જ પડે તો ન છૂટકે ઓછામાં ઓછી કિંમત ચૂકવવા તે તૈયાર હોય છે. હા, કોઈ કોઈ સાચા જિજ્ઞાસુ ને સત્યના શોધક પણ હોય છે, ને જ્ઞાનને માટે તે ગમે તેવો મોટો કે નાનો ભોગ આપવા તૈયાર રહે છે. ઉપર કહેલા છ જિજ્ઞાસુ સાચા જિજ્ઞાસુ હતા. તેથી તેમણે ઋષિની શરત કબૂલ રાખી ને ઋષિના આશ્રમમાં શાંતિપૂર્વક રહેવા માંડ્યા.

ઋષિ પણ કેવા નમ્ર ને સરળ છે તેની ખાતરી તેમનાં ટૂંકાં પણ સચોટ વચન પરથી સહેજે થઈ રહે છે. તે કહે છે કે હું જાણતો હોઈશ તો તમને બરાબર ઉત્તર આપીશ. તેમાં તેમની નિખાલસતા, નમ્રતા ને પ્રામાણિકતા ટપકે છે. અનુભવી ને પરમાત્મદર્શી પુરુષો એવા જ નિખાલસ ને સરળ હોય છે. તેથી તો તેમને શિશુની સાથે સરખાવવામાં આવ્યા છે. ગુરુ સાચેસાચા અર્થમાં શાંતિદાતા છે. સંશયને દૂર કરીને તે અજ્ઞાનમાંથી મુક્તિ આપે છે તેથી મુક્તિદાતા પણ છે. તેવા તારણહાર ગુરુની પાસે તદ્દન નમ્રતા ને સરળતાથી તથા જિજ્ઞાસુભાવે જવાની જરૂર છે. દંભ ને પૂર્વગ્રહથી પ્રેરાઈને તેમની પાસે જનારને કાંઈ જ નહિ મળે. તેનો ફેરો ફોગટ જશે. દોષદૃષ્ટિને લઈને નહિ પરંતુ ગુણગ્રાહકતાથી પ્રેરાઈને જ તેવા મહાપુરુષનો સમાગમ કરવો જોઈએ. માણસ પાસે સૌની અંદરથી સાર લેવાની કળા હોય તો આ પૃથ્વીનો પ્રત્યેક પદાર્થ તેને માટે પ્રજ્ઞાનું પુસ્તક બનીને પદાર્થપાઠ આપવા પૂરતો થઈ પડે છે.

દત્તાત્રેયના ચોવીસ ગુરુની કથામાં આ વાત સારી રીતે સમાવવામાં આવી છે. તો પછી મહાપુરુષો પાસેથી તો તેને શિક્ષણનો કેવો કીંમતી ભંડાર મળી શકે! પણ તે માટેની જરૂરી રુચિ ને દૃષ્ટિ જોઇએ. બાકી અહંકારી, અક્કડ, દોષદર્શી ને નિંદાખોર માણસને કાંઇ જ નથી મળી શકતું. સૂર્યની સામે ઘરનાં બારીબારણાં બંધ કરનાર માણસ જેમ હાથે કરીને અંધારામાં અટવાય છે, ને ફૂલની ફોરમથી ભરેલા વિશાળ બગીચામાં નાક બંધ કરીને બેઠેલો માણસ જેમ વિનાકારણ સુવાસથી વંચિત રહે છે, તેમ તેવો માણસ મહાપુરુષની પાસે જાય તથા વસવાટ કરે તોપણ તેને કશું નથી મળી શકતું. 'ઊંડો કૂવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક' જ્ઞાની કવિ અખાની એ પંક્તિ પ્રમાણે તેવા માણસનો મહાપુરુષનો સમાગમ ફોક જ નીવડે છે.

પરંતુ પિપ્પલાદ ઋષિની પાસે આવેલા જિજ્ઞાસુ સાચા હતા. જ્ઞાનના તે પરમ પિપાસુ અથવા ગ્રાહક હતા. તેથી તેમણે ઋષિની આજ્ઞાનુસાર એક વરસ શ્રદ્ધા ને તપપૂર્વક પસાર કર્યું ને પછી ક્રમે ક્રમે મહર્ષિ પાસે આવીને પોતાનું દિલ ખોલવા માંડ્યું.

**(ક્રમશઃ)**



# સુભાષિતો

**आमरणान्तां प्रणयाः कोपस्तत्क्षणभंगुराः।**
**परित्यागाश्च निःसङ्गा भवन्ति हि महात्मनाम्॥**

મહાપુરુષોનો પ્રેમ મરણપર્યંત રહેનારો હોય છે, તેમનો કોપ તે જ ક્ષણમાં ભાંગી જનારો હોય છે અને તેમનો ત્યાગ આસક્તિ વિનાનો (ફળની કામના વિનાનો) હોય છે.

**स्वभावं नैव मुञ्चन्ति सन्तः संसर्गतोऽसताम्।**
**न त्यजन्ति**

કાગડાનો સંગ થાય, તેથી કોયલ પોતાનાં મધુર ગાન છોડી દેતી નથી તેમ દુર્જનોનો સંગ થાય, તેથી સુજનો પોતાના સરળ સ્વભાવને છોડી દેતા નથી.

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः॥**

જેનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃતરસને વરસાવનારી છે અને કાર્ય પરોપકારને કરનારાં છે, તેવા સુજન પુરુષો કોને માટે વંદનીય નથી?

**परिचरितव्यां सन्तो यद्यपि कथयन्ति नो सदुपदेशम्।**
**यास्तेषां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि॥**

સારા પુરુષો સદુપદેશ ન આપે, તોપણ તેમની સેવા કરતા રહેવું; કારણ કે સ્વાભાવિક રીતે જ તેઓ જે વાર્તા કરતા હોય છે, તે જ શાસ્ત્રના સિદ્ધાંતો હોય છે.

**(ક્રમશઃ)**

# જીવનની ચાર મહાભૂલો

મહાત્મા શ્રી યોગેશ્વરજી

**यस्यात्मबुद्धि कुणपे त्रिधातुके**
**स्वधीः कलत्रादिषु भौम इत्यधीः।**
**यत्तीर्थबुद्धि सलिले न कर्हिचि-**
**ज्जनेष्वभिज्ञेषु स एव गोखरः॥**

ભાષાંતરઃ—

ગણે ત્રિદોષી વપુને જ આત્મા
સ્વધી કલત્રે, પ્રતિમા જ પૂજ્યં
સલિલને તીર્થ જ માનતા જે
લહે ન તત્ત્વ, મૂઢ એ ખરા ખરે!

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધના ૮૪ મા અધ્યાયનો આ તેરમો શ્લોક છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ઉપરોક્ત શ્લોકમાં, મનુષ્યો જે ચાર મહાભૂલો જીવનમાં કરતા હોય છે, તે પ્રત્યે લક્ષ્ય દોર્યું છે, એટલું જ નહિ પરંતુ આવી ગેરસમજ ધરાવતા મનુષ્યને માટે પ્રભુએ ''ગોખરઃ'' શબ્દનો પ્રયોગ કર્યો છે, જેનો અર્થ છે ગાય કે ગધેડો મતલબ કે એ પશુ જેવો છે.

ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે દર્શાવેલ આ ચાર મહાભૂલો કયી છે? આપણે તે જોઇએઃ

પ્રથમ ભૂલ એ છે કે ત્રણ ધાતુનું બનેલું આ શરીર એ જ હું છું— એવી આત્મબુદ્ધિ. જ્યારે સાચી વાત એ છે કે નશ્વર શરીરમાં રહેલો આત્મા એ જ આપણું સાચું સ્વરૂપ છે એવી બુદ્ધિ હોવી જોઇએ.

પોતાની સ્ત્રી, બાળકો, ઘર ને સંપત્તિ એ જ 'મારાં' છે એમ માનવું એ બીજી મહાભૂલ છે. ખરી રીતે આ બધા સંબંધો કેવળ શરીર સાથેના છે. શરીરનો નાશ થતાં, એ બધા નષ્ટ થઇ જવાના. આમ એમને આપણે પોતાના સમજી બેઠા છીએ ને એમ સમજીને જીવનવ્યવહાર કરીએ છીએ, એ બીજી મહાભૂલ છે. એક પ્રભુ સિવાય આપણું કોઇ જ નથી, એ જ સાચી બુદ્ધિ છે.



ધર્મ વિષેની યોગ્ય સમજના અભાવે આપણે એવું માનીએ છીએ કે માટી, પથ્થર કે ધાતુમાંથી બનેલી મૂર્તિ જ પૂજ્ય છે. ને તેમને પૂજીને આપણે ધર્મનું આચરણ કરી રહ્યા છીએ. એવો સંતોષ લઇએ છીએ. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે તે બરાબર નથી. સાચા પૂજ્ય તો જીવંત સંતો, મહાત્માઓ, ઓલિયાઓ છે; જે આપણા પ્રેમ, ભક્તિ અને પૂજ્યભાવના અધિકારી છે. આપણે એમના પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખીને વ્યવહાર કરીએ, તો જીવનની ત્રીજી મહાભૂલમાંથી ઉગરી શકીએ.

આપણે યાત્રાનિમિત્તે તીર્થસ્થાનોમાં જઇએ છીએ. પવિત્ર નદી-ઓના જળમાં સ્નાન કરી, પાપોમાંથી મુક્ત થવાની અપેક્ષા રાખીએ છીએ. પરંતુ સાચું તીર્થ એ પેલું પાણી જ નથી, સંતપુરુષો કે જ્ઞાનીઓ દ્વારા કરાતી જ્ઞાનચર્ચા કે પ્રભુનાં ચારિત્રોની કથાઓનું શ્રવણ એ પેલાં તીર્થજળથી પણ વધુ પવિત્ર છે; એ સાચી સમજ છે. તેનાથી જીવનની ચોથી મહાભૂલ સુધારી શકાય છે.

દરેક મનુષ્ય રાતે સૂતાં પહેલાં આ શ્લોકના ભાવાર્થનો મનમાં વિચાર—મનન કરે તો, જીવનમાં તેને સાચા ધર્મની સમજ પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પરંતુ તેના પરિણામે અનાસક્ત બની તે પ્રભુને પામવાનો પુરુષાર્થ કરી, જીવન ધન્ય કરી શકે છે. ચાર ચરણના એક નાનાસરખા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણે સમગ્ર ધર્મનું સાર તત્ત્વ કેવી અદ્ભુત રીતે સમાવી દીધું છે!

### સ્વર્ગારોહણની

# સેવા કલગીમાં એક પીછું ઔર

**કલ્યાણ**

મંદિર મસ્જીદ ગુરુદ્વારામાં,
શાંતિલેવાને ભલે જાઓ.
દેહના મંદિરે દેવ બિરાજ્યા,
તેનાં યે ગીતડાં ગાઓ.
ઓ ભાઈ મારા! જીવતા દેવને સેવો.

કરુણામૂર્તિ પૂ. શ્રી મા સર્વેશ્વરીએ સ્વર્ગારોહણ તીર્થમાં માનવ-સેવાનો અહાલેક જગાવ્યો છે. દેહના મંદિરમાં બિરાજતા માનવ-દેવની ક્ષુધા અને તૃષાને સંતોષવા વિવિધ સત્કાર્યોનો યજ્ઞ સ્વર્ગા-રોહણ તીર્થમાં પ્રગટાવ્યો છે. સત્કર્મોના આ યજ્ઞમાં વિવિધ સેવા-ઓનો અર્ઘ્ય અર્પણ કરીને દરિદ્રનારાયણની સેવા કરી રહ્યાં છે.

અંબાજી તીર્થક્ષેત્રના આજુબાજુના આદિવાસી વિસ્તારોમાં પૂ. શ્રી માના સેવાયજ્ઞોની સુવાસ પ્રસરી રહી છે. મેડિકલ કેમ્પ, અનાજ વિતરણ, વસ્ત્રસહાય, વિનામૂલ્યે જીવનરક્ષક દવાઓની સહાય, છાત્રાલયમાં અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓને ડ્રેસ તથા કુદરતી આફતના સમયે નિઃસહાય માનવોને સહાય કરીને પૂ. શ્રીમા દરિદ્રનારાયણોની પડખે ઊભાં રહીને હૂંફ આપી રહ્યાં છે.

સ્વર્ગારોહણની આ સેવાકીય પ્રવૃત્તિઓની કલગીમાં પૂ. શ્રી મા સેવાનું એક પીછું ઔર ઉમેરી રહ્યાં છે. આ પ્રવૃત્તિદ્વારા દરિદ્ર-નારાયણોની તનની સેવાની સાથે સાથે તેઓના સ્વભાવ પરિવર્તનની સત્સંગ પ્રવૃત્તિનો શુભારંભ કર્યો છે. આ સત્સંગ પ્રવૃત્તિ માટે પૂ. શ્રી માએ વિદ્યાર્થી આલમની ઉગતી પેઢીને પસંદ કરી છે. આ



શુભપ્રવૃત્તિ છે. વિદ્યાર્થીઆલમમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના જ્ઞાનનો પ્રસાર. સ્વર્ગારોહણના સત્કર્મોના ઝરણામાં હવે ગીતાજ્ઞાનના પ્રસારની એક નવી સરવાણી ભળી રહી છે. તન અને મનના આ સેવાસંગમમાં સ્નાન કરવાનો અમૂલ્ય લાભ આપીને સૌના તનમનને તાજગી બક્ષી રહ્યાં છે.

વિદ્યાર્થીઆલમમાં ગીતાજ્ઞાનના પ્રસારનો શુભવિચાર શ્રી રેવા-શંકરભાઈના અંતરમાં જાગ્યો અને પૂ. શ્રી માએ તેને વધાવી લીધો.

શ્રી રેવાશંકરભાઈ પૂ. શ્રી મામાં બ્રહ્મનિષ્ઠા ધરાવતા જ્ઞાન-માર્ગના પ્રવાસી છે. અત્યારસુધી તેઓએ હિન્દુધર્મના પ્રચાર પ્રસાર માટે નિષ્ઠાપૂર્વક સેવા બજાવી છે. તેઓએ હિંદુધર્મના ભારતીય તત્ત્વજ્ઞાનને સારી રીતે પચાવ્યું છે. તેઓ અષ્ટાંગયોગના અભ્યાસી સાધક છે. રાજકીય તેમ જ સમાજસેવાના ક્ષેત્રે મોટી તકો હોવા છતાં પૂ. શ્રી માની પરમ આજ્ઞાને શીરોધાર્ય કરીને બીજી પ્રવૃત્તિઓ છોડીને પ્રભુસ્મરણ સાથે ધર્મના પ્રચાર અને પ્રસારનું કાર્ય કરી રહ્યા છે. પૂ. શ્રી માએ તેમને સર્વમંગલ ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવીને થોડોક સેવાનો કારભાર તેમને સોંપ્યો છે. શુભભાવનાઓથી ભરેલા તેમનાં અંતઃકરણમાં શુભભાવો ઊઠે તે સ્વાભાવિક છે. ગીતાના અભ્યાસી હોવાથી ગીતાજ્ઞાનના પ્રચાર માટે ઉત્તમ શુભવિચાર પ્રગટ્યો અને તેના પ્રચાર માટે વિદ્યાર્થી આલમની વચ્ચે પહોંચી ગયા.

શ્રી રેવાશંકરભાઈ રાજકીય તેમ જ સામાજિક પરિસ્થિતિના અભ્યાસુ હોવાથી તેમને લાગ્યું કે આજે ભારતીય સમાજમાં ખ્રિસ્તી મીશનરીઓ પોતાના ધર્મપ્રચારક કાર્ય વરસોથી કરી રહ્યા છે. એવી રીતે મુસલમાનો પણ મદ્રેસાઓ મારફત ઉગતીપેઢીને નિમિત્ત બનાવીને ઇસ્લામધર્મનો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. ફક્ત હિંદુધર્મ જ એવો છે જે વિવિધ સંપ્રદાયોમાં વહેંચાયેલો હોવાથી,

ભારતની આધ્યાત્મિક અસ્મિતાની ગૌરવગાથાના એકતાનતાનું ગાન જનસમાજ સુધી પહોંચાડી શકતો નથી. સૌ પોતપોતાના વાડાનો વિસ્તાર કરવામાં લાગેલા છે.

ધર્મક્ષેત્રે આવી પરિસ્થિતિ હોવાથી તેમને હિન્દુધર્મના સનાતન-તત્ત્વને એકસૂત્રે બાંધવાનો નિર્ણય કર્યો અને આ માટે સમગ્ર સંપ્રદાયોના મર્મ જેવા અને ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના અર્ક જેવા ગીતાજ્ઞાનના પ્રસારના કાર્યને પસંદ કર્યું. સાચા ધર્મનું તત્ત્વજ્ઞાન ગીતામાં ભગવાને પ્રગટ કર્યું છે. ગીતાએ સાચા ધર્મના હાર્દનું પ્રતિનિધિત્વ કરે છે. બધા જ સંપ્રદાયો પણ ગીતાના તત્ત્વજ્ઞાનને તો એક અવાજે સ્વીકાર કરે છે.

ગીતા એ સર્વમાન્ય ગ્રંથ છે એટલે તેના દ્વારા ધર્મપ્રચારનું કાર્ય સર્વોત્તમ રીતે થઈ શકે તેમ છે. તેથી શ્રી રેવાશંકરભાઈએ ગીતાને માધ્યમ બનાવીને અને ગીતાજ્ઞાનના પ્રચાર માટે સર્વોત્તમ માધ્યમ વિદ્યાર્થીઆલમને પસંદ કરીને એ શુભકાર્યની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો.

ગીતાજ્ઞાનનો પ્રચાર ઉગતીપેઢીમાં થાય તો વિદ્યાર્થીઓમાં ધર્મવિચારોનો પાયો દૃઢ થાય, આધ્યાત્મિકતાની સાચી સમજ પ્રગટ થાય, હિન્દુ ધર્મના ઉમદા હેતુઓનું જ્ઞાન થાય, જીવન વ્યવહાર ધર્મમય બને, જીવન સદ્‌ગુણોથી અલંકૃત બની ભૌતિક તેમ જ આધ્યાત્મિક સમૃદ્ધિથી સંપન્ન બને તો આદર્શ માનવને મૂર્તિમંત બનાવીને સમાજ તથા દેશની મહાન સેવા થઈ શકે. આ શુભ હેતુ-ઓને લક્ષમાં લઈને શ્રી રેવાશંકરભાઈએ ગીતાજ્ઞાનના પ્રચારનો ભાર પોતે ઉપાડ્યો. આ માટે તેમણે પૂ. શ્રી યોગેશ્વરજીએ લખેલી ‘સરળગીતાને’ પસંદ કરી, કારણ કે ‘સરળગીતા’ ગુજરાતી—પદ્યમાં છે અને બધી રીતે પોતાના નામને સાર્થક કરે છે. બહુ જ સરળભાષા-માં ગીતાજ્ઞાનને પૂ. શ્રી યોગેશ્વરજીએ સમજાવ્યું છે.



શ્રી રેવાશંકરભાઈએ સ્વર્ગારોહણના સાહિત્ય કેન્દ્રમાંથી એક હજાર ગીતાઓ પોતાના પૈસાએ ખરીદી અને પાલનપુર તથા આસ-પાસના વિસ્તારની સ્કૂલોમાં જઈને વિદ્યાર્થીઓને ફ્રી આપી. શિક્ષકો તથા આચાર્યોનો સહકાર લઈને વિદ્યાર્થીઓની સભાઓ ભરીને ગીતાનું માહાત્મ્ય તથા તત્ત્વજ્ઞાન સમજાવ્યું. વિદ્યાર્થીઓને ગીતા-જ્ઞાનની પરીક્ષા માટે તૈયાર કર્યાં. શિક્ષકો તેમ જ આચાર્યોએ સક્રિય સહયોગ ધર્યો અને એક હજાર વિદ્યાર્થીઓને ગીતાની પરીક્ષા આપવા માટે તૈયાર કર્યા. તેમાં આઠ તો મુસ્લિમ વિદ્યાર્થીઓ પણ હતા. આ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ સારા માર્ક્સ લાવ્યા, તેઓની ફરીથી સ્વર્ગારોહણમાં પરીક્ષા લેવાનું નક્કી કર્યું. નવરાત્રિનો તહેવાર હોવા છતાં આઠ શાળાના ૫૬ વિદ્યાર્થી ભાઈબહેનોએ બીજી ઓક્ટોબરે સ્વર્ગારોહણમાં બીજી વખત હોંશપૂર્વક પરીક્ષા આપી.

પૂ. શ્રી માએ સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આવકાર્યા. તેમના માટે સ્વર્ગારોહણમાં રહેવા તથા જમવાની સગવડતા કરી. પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ પ્રથમ આવ્યા તેમને સત્કારવા પૂ. શ્રી માએ ખાસ સન્માન સમારંભ યોજ્યો. પ્રથમ એકથી ચાર નંબરમાં આવનાર વિદ્યાર્થીઓને પૂ. શ્રી માએ ઇનામો આપી બિરદાવ્યા. પ્રથમ આવનાર વિદ્યાર્થીને ૨૫૧/— બીજાનંબરને ૧૫૧/— તથા ત્રીજા આવનારને ૧૦૧/ તથા ચોથા આવનાર ૫૧/— રૂા. રોકડા આપવામાં આવ્યા. આ પરીક્ષામાં બધા જ વિદ્યાર્થીઓ પાસ થયા તેથી પૂ. શ્રી માએ સૌ વિદ્યાર્થીઓને રૂા. ૫૦/— રોકડા અને તે ઉપરાંત સૌને કેસેટ, ‘પ્રકાશને પંથે’ તથા પ્રસાદી ભેટમાં આપ્યાં. આનંદ અને આશ્ચર્યની ઘટના તો એ બની કે એક મુસ્લિમ વિદ્યાર્થીની કુ. ઝાકીરા પરીક્ષામાં ચોથા નંબરે ઉત્તીર્ણ થઈ, ઘટના નાનકડી પણ ક્રાંતિકારી ગણી શકાય.

આ જ્ઞાનયજ્ઞમાં શાળાના આચાર્યોએ અને શિક્ષકોએ ખૂબ જ ઉત્સાહ બતાવ્યો. વિદ્યાર્થીઓ માટે વાહનોની સગવડ પણ સ્કૂલો તરફથી કરવામાં આવી. આ ધર્મકાર્યમાં સૌએ હળીમળીને તનમનધનથી સહકાર આપ્યો.

ગીતાજ્ઞાનના પ્રસાર માટેના પ્રથમ પ્રયાસના અભિયાનને આટલી સુંદર સફળતા મળી તેથી પૂ. શ્રી મા ખૂબ જ પ્રસન્ન થયાં અને હવે ભવિષ્યમાં થનારી પરીક્ષાઓ માટે પણ સૌ ઉત્સાહપૂર્વક તૈયારી કરે અને ગીતાના જ્ઞાનને જીવનમાં પચાવીને આદર્શ માનવ બનીને દેશ તથા સમાજની સેવા સૌ સતત કરતા રહે તેવા આશીર્વાદ આપ્યા. આ પવિત્ર યજ્ઞકાર્યમાં સહભાગી થવા સૌ શિક્ષક મિત્રોએ પણ ખાત્રી આપી.

સ્વર્ગારોહણતીર્થના પવિત્ર વાતાવરણની, સેવાકાર્યોની, સત્સંગ પ્રવૃત્તિઓને સૌ શિક્ષક ભાઇબેનોએ મુક્તકંઠે પ્રસંશા કરી. પૂ. શ્રી માના માર્ગદર્શન પ્રમાણે સંસ્થાએ જ ઉમદા પ્રણાલિકાઓનું સર્જન કર્યું છે તેથી સૌ અભિભૂત થયા અને પોતાની જાતને સેવાનો લાભ મળવા બદલ ધન્યતા અનુભવવા લાગ્યા. પોતાના અંતઃકરણના ઉમંગને સુંદર અભિપ્રાયો આ સાથે આપીને વ્યક્ત કર્યા છે.

પૂ. શ્રી માનાં સાન્નિધ્યે સૌ જાણે ખીલી રહ્યા છે, પૂ. શ્રી માની વાત્સલ્ય હૂંફે પ્રકાશની ઉષા પ્રકટી રહી છે. પૂ. શ્રી માની સન્નિધિ એ નિત્યપર્વ છે. અભ્યુત્થાનનું પર્વ છે, એ પરમમાતાના વાત્સલ્ય લીસોટા આપણા જીવનમાં પણ ઉપસી આવે તે માટે એ સત્કાર્યમાં જોડાઇને જીવનની પરમ ધન્યતા અનુભવીએ અને માતૃચરણે બેસીને પ્રગટ ગીતાને પામીએ.

ગીતા એક જ શાસ્ત્ર છે, કૃષ્ણ એક છે દેવ,
મંત્ર તેમનું નામ ને કર્મ તેમની સેવ.

◎



# ‘સરળગીતા’ની પરીક્ષા અંગે અભિપ્રાય

પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં તારીખ ૭–૯–૦૩ ના રોજ જે ‘સરળગીતા જ્ઞાનવર્ધક’ પરીક્ષા યોજાઇ તેનાથી અમોને અમારા જીવનઘડતર માટે પ્રેરણાબળ પ્રાપ્ત થયું છે. તેનાથી અમે ગીતાથી પરિચિત થયા. ગીતાનો નિયમિત પાઠ કરતા થયા છીએ.

સ્વર્ગારોહણ તીર્થ ખાતે પૂજ્ય માના સાન્નિધ્યમાં તા. ૨–૧૦–૦૩ ના રોજ જે ‘સરળગીતા જ્ઞાનવર્ધક’ પરીક્ષા યોજાઇ તેમાંથી પણ અમોને ઘણું બધું જાણવા મળ્યું છે. સ્વર્ગારોહણ આશ્રમના પવિત્ર, સુંદર અને સ્વચ્છ વાતાવરણથી જ અમે એકદમ પ્રભાવિત થઇ ગયા. પરીક્ષા પછી પૂજ્ય માનાં દર્શન અને તેમના સાન્નિધ્યથી જે આધ્યાત્મિક, આત્મિયતાનું અને ઉત્સવમય વાતાવરણ સર્જાયું, તેનાથી અમે ખૂબ જ પ્રભાવિત થઇ ગયા હતા! ત્યાં ગાંધીજીના જે પ્રેરક જીવન પ્રસંગો કહ્યા, પ્રાર્થના કરી, અને નવરાત્રિના ગરબા કર્યા. તેનાથી બાળકો અને મોટાં સૌ આનંદિત થઇ ગયાં. પ્રથમ નંબરને ૨૫૧/– દ્વિતીય નંબરને ૧૫૧/– અને તૃતીય નંબરને ૧૦૧/– નું રોકડ ઇનામ આપવામાં આવ્યાં. તેનાથી બાળકો વધારે પ્રોત્સાહિત થયાં. તેમ જ પરીક્ષામાં ભાગ લેનાર તમામ બાળકોને અને શિક્ષકોને ૫૦/– રોકડ ઇનામ, પૂજ્ય ગુરુવર્ય યોગેશ્વરજીનું જીવન વૃત્તાંત, મા સર્વેશ્વરીના યાત્રાપ્રવાસનું પુસ્તક, સરળગીતાની કેસેટ, નોટબુક તેમ જ પ્રસાદી મળતાં બાળકો ખૂબ જ ખુશ થઇ ગયાં. મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં વિતાવેલ ચાર કલાક યાત્રા સમાન રહ્યા. પ્રતિવર્ષ આવા જુદાં જુદાં ધર્મગ્રંથો અને જીવનચરિત્રો ઉપર સ્પર્ધા યોજાય અને તે સ્પર્ધામાં અમને ભાગ લેવા માટે આંત્રણ મળે તેવી અમારી લાગણી.

આવી ચારિત્ર્ય નિર્માણની સ્પર્ધાઓ અવિરતપણે ચાલુ રહે તેવી અને નવા વર્ષની શુભકામનાઓ સહ.

પૂ. માના પાવન ચરણોમાં નમસ્કાર. ◎

### સ્વર્ગારોહણ અંગે

# એક પ્રથમ મુલાકાતીનો પ્રતિભાવ

પ્રભુભાઈ પ્રજાપતિ

મા જગદંબાના શ્રી ચરણોમાં, આરાસુરી ડુંગરોમાં અને પ્રકૃતિની ગોદમાં આવેલું ભગવદ્‌ગીતા અને ભારતીય સંસ્કૃતિના વિચારોથી મઘમઘતું, વિશ્વમાં ચોમેર સુગંધ ફેલાવતું,રળિયામણું, ઈન્દ્રની સ્વર્ગલીલાને પણ ભૂલાવે તેવું, આ પવિત્ર અને 'મા સર્વેશ્વરીજી'ની કૃપાવર્ષાથી આકાર પામેલું 'સ્વર્ગારોહણ' ધામ અંબાજી, દાંતા રોડ-પર આવેલું છે. આ પવિત્ર ધામમાં પગ મૂકતાં જ મન પ્રફુલ્લિત બની જાય, આત્મા શાંતિ પામે અને જીવન ધન્ય બની જાય, એમાં નવાઈ નહીં.

તા. ૨—૧૦—૦૩ ને ગાંધીજયંતિના પવિત્ર દિવસે પવિત્ર ધામ-માં મને મારી શાળાના વિદ્યાર્થીઓ સાથે પૂ. મા સર્વેશ્વરીજીનાં દર્શનની અમૂલ્ય તક મળી. એક દિવસના માત્ર ત્રણથી ચાર જ કલાક-માં તો જાણી લીધું કે ખરેખર આ કોઈ સામાન્ય ટ્રસ્ટ નથી. અહીં ભારતની સંસ્કૃતિની અખંડજ્યોત જલે છે. લોકોને ગીતાના પાઠદ્વારા જીવનમાં સાદગી, સચ્ચાઈ, પવિત્રતા, ધ્યાન, યોગ, આસનો, શિક્ષણ આમ વિવિધ પ્રકારે જીવન જીવવાનો સાચો અને સારો માર્ગ દેખાડવામાં આવે છે. અભ્યાસ કરતા જ્ઞાનપિપાસુ છાત્રોને ગીતાનો અભ્યાસ કરી તેનું મૂલ્યાંકનદ્વારા જીવનમાં જ્ઞાનના ભંડારમાં વધારો કરવામાં આવે છે. એટલું જ નહિ, પરંતુ પરીક્ષામાં બેસનાર સર્વ વિદ્યાર્થી ભાઈ—ભહેનોને પ્રોત્સાહિત કરવા પૂ. મા સર્વેશ્વરીજી-ના પવિત્ર હસ્તે પ્રસાદરૂપે ઈનામ પણ આપવામાં આવે છે. ધો.



૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા છાત્રોને બોર્ડની સામાન્ય કે વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારને શિલ્ડ અને ૨૫૦૦/— શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે, આમ શિક્ષણ પ્રત્યે ખૂબ જ લાગણી બતાવવામાં આવી રહી છે. એ અત્યંત પ્રશંસનીય બાબત છે.

સ્વર્ગારોહણમાં ચોખ્ખાઈ, આળસનો ત્યાગ સમયાંતરે વિવિધ કાર્યક્રમમાં ભાગ લેવો, દરેક કાર્ય જાતે જ કરવાની સુટેવ વગેરે શીખવા મળે છે. દરેક વ્યક્તિના મોઢાપર હાસ્ય, વારંવાર 'હરિ ૐ'નો પવિત્ર ઉચ્ચાર અને કોઈ પણ કામ ઝડપથી કરી નાંખવાની આદત વગેરે ખૂબ જ ધ્યાનાકર્ષક બની રહે તેવી બાબતો જોવા મળી.

ખરેખર, નિરોગી સ્વાસ્થ્ય, હળવું ફૂલ જીવન અને જીવનમાં કોઈ અધૂરપ ન રહી જાય તે માટે અને આ બધું જ પ્રાપ્ત કરવા માટેનું આ સ્વર્ગારોહણ પવિત્ર ધામ એ સાચે જ વૈકુંઠધામ છે.

સાચે જ સ્વર્ગારોહણ એટલે 'જીવન જીવવાની કલા અને કસબ શીખવાડતું સ્વર્ગ.' ●

થોડા સમય પહેલાં સ્વર્ગારોહણ પાસેથી પસાર થતાં એક યાત્રીકે 'સ્વર્ગારોહણ' નામ વાંચીને કુતૂહલવશ તેમાં પ્રવેશ કર્યો. સાધકો પાસેથી સ્થાનની માહિતી મેળવી અને ફરીને બધું નિહાળ્યું. તેને આ સ્થાન ખૂબ ગમ્યું. જતાં જતાં તેના મુખમાંથી જે શબ્દો અંગ્રેજીમાં સહજ રીતે નીકળ્યા તે હતા. "It is really a place with difference on this earth." ખરે જ, પૃથ્વીપર આ સ્થાન વિશિષ્ટ છે.

શ્રી પ્રજાપતિભાઈની જેમ જ આ અજાણ્યા ભાઈનો પણ એ જ પ્રતિભાવ રહ્યો.

કહેવાની જરૂર ખરી કે આ બધો પ્રતાપ પૂ. માના તપ અને પૂ. શ્રીની કૃપાનો છે!

# પૂ. માના બોધપ્રદ લીલાપ્રસંગો

મંજુલાબેન ભાવસાર

અંબાજી—૨૦૦૨

ચેતનાબેન 'કોલીસ' ગાડી લઇને આવ્યાં છે. ચેતનાબહેન પૂ. માને કહે છે, "મા, ગાડી અહીં રાખીને જઇશું" પૂ. મા કહે "પંડિતજીએ પણ ગાડી રાખવા માટે કહ્યું હતું. એમને પણ માએ ના પાડી." ગાડીની શું જરૂર છે? પૂ. મા લખે છે "કોલીસ કરે પોલીસ" એમ કહી હસાવે છે. ફરીથી પૂ. મા કહે છે અહીં તો બે પગવાળી સાત—આઠ ગાડી છે. "Made by God" ઈશારાથી કહે છે આ બધી બહેનો. રાત્રે ફોલ્ડ થઇ સૂઇ જાય, ડીઝલ કે પેટ્રોલ ન જોઇએ, ટેક્સ ન લાગે. લાયસન્સ ન જોઇએ. એમ કહી ખૂબ હસે છે, હસાવે છે.

પૂ. માની એક આગવી રીત છે. પૂ. મા કોઇ પણ વસ્તુનો વાતનો અસ્વીકાર એવી સહજ રીતે કરે છે કે વ્યક્તિને દુઃખ ન થાય. રમૂજ કરી હસાવે છે. ખોટું ન લાગે છતાં પૂ. માની વાત સમજાઇ જાય. પૂ. મા પાસે આ કળા શીખી લેવાય તો ઘણી મુશ્કેલીઓમાંથી સહજ રીતે બહાર નીકળી શકાય.

સામેથી મળતી સુવિધાની પણ જરૂર ના હોય તો અસ્વીકાર કરવો.

• • •

અંબાજી—૨૦૦૨

પૂ. મા સ્નાનાદિથી પરવારીને બેઠાં છે. પૂ. માની રૂમમાં હું પ્રવેશ કરું છું. પૂ. મા મારી પાસે એકનાથ ભાગવતનું પુસ્તક મંગાવે



છે. પૂ. માની પાસે સ્કેચપેન છે. પૂ. મા એકનાથ આગળ 'શ્રી' લખે છે અને ભાગવતની પાછળ 'જી' લખે છે.

"શ્રી એકનાથજી ભાગવત" એકનાથ ભાગવત લખ્યું હતું. તેની આગળ પાછળ બે જુદા રંગની સ્કેચપેનથી સુશોભિત કર્યું.

સંત અને ધર્મગ્રંથોનો આદરભાવ કેવી રીતે થઇ શકે તે પૂ. માએ બતાવ્યું. પૂ. માની રગરગમાં સંતો અને શાસ્ત્રો માટેનો જે પૂજ્યભાવ છે તે તેઓના આ વ્યવહારમાં પ્રગટ થાય છે.

ધર્મગ્રંથો પ્રત્યે કેવો પૂજ્યભાવ, ભક્તિભાવ ને વિવેક આદરભર્યો વ્યવહાર જાણે મા પોતાના ઉત્તમ આદર્શ આચરણદ્વારા સૌને બતાવી રહ્યા છે.

• • •

અંબાજી—૨૦૦૨

પૂ. મા કહે છે કાલે તમે અમને પાણી લેવાનું પણ યાદ ન કરાવ્યું? પાણી પીવાનું અમને યાદ રહેતું નથી. પૂ. મા પૂછે છે પાણીનો જગ હતો? મેં જવાબ આપ્યો કે, "મા, અહીં નજીક જ હતો." પૂ. મા કહે "નિર્જળા છે એમ જ અમને યાદ હતું. હવે તમે અમને પાણી પીવાનું યાદ કરાવજો. તો જ આ શરીર ટકી શકશે."

અમારું તે તરફ ધ્યાન ન રહ્યું તે બદલ દુઃખ થયું. પૂ. માની શરીર અને મનની કેવી અવસ્થા. ઉનાળાના દિવસોમાં તો પાણી પ્રાથમિક જરૂરિયાત કહેવાય. છતાં પણ પૂ. માનું તે તરફ ધ્યાન નથી. ભૂખ અને તરસ દેહના ધર્મો. પૂ. મા તેમનાથી કેવાં ઉપર ઊઠી ગયાં છે!

• • •

અંબાજી—૨૦૦૨

હું અને દમયંતીબહેન શેરડીનો રસ કાઢતાં હતાં. મેનાબેન

આગળની રૂમમાં બેસીને કાંઇક કામ કરતાં હતાં. અમે રસ કાઢતાં હતાં ત્યાં પૂ. મા આવ્યાં. પૂ. માને ઇચ્છા થાય છે કે તમે રસ કાઢો છો તે મેનાબેનને પણ બતાવીએ. પૂ. મા મેનાબેનને લઇને આવ્યાં. તેઓને શેરડીના રસનું મશીન બતાવ્યું. જે કાંઇ નવું છે તે બીજાને બતાવવાનું પૂ. માને સહજ રીતે ગમે છે. જે સાધન પૂ. મા માટે વપરાય તેમાં કશું ગુપ્ત રાખવાનું હોતું નથી. અમે રસ કાઢીએ છીએ ત્યાં પૂ. મા ઊભાં રહે છે. અમને કહે છે, ''શેરડીના કૂચાઓમાં કીડીઓ માટે પણ થોડો રસ રહેવા દેજો. કીડી જેવા નાના જંતુને પણ પૂ. મા યાદ કરે છે. અને ખાસ પ્રસાદ રખાવે છે. આમ પૂ. માની વત્સલતા માત્ર માનવો સુધી સીમિત નથી, તેમાં કીડી કે પંખીઓ જેવા નાના જીવો માટે પણ અવકાશ છે.''

• • •

અંબાજી—૨૦૦૨

દમયંતીબહેન અમદાવાદથી આવ્યાં છે. પૂ. મા માટે ફળ લાવ્યાં છે. ફળનો થેલો ૧૩ નં. ની રૂમમાં મૂકવામાં આવ્યો છે. મારી નજર તેના પર પડી. હું થેલો લઇને રસોડામાં જઉં છું. પૂ. મા એકાએક રસોડામાં આવે છે. ઘણાં બધાં ફળ જોતાં જ પૂ. માનું મન ઉપરામ થાય છે. ''પૂ. મા અતિ અલ્પ માત્રામાં ફળ લે છે, તો આટલાં બધાં ફળ શા માટે?''

અમે બધાં જ ફળ રસોડામાં લઇ આવ્યાં તે ભૂલ પૂ. માએ અમને આ રીતે સમજાવી. પૂ. મા ફળ અલ્પમાત્રામાં લે છે તો તમે શા માટે આટલાં બધાં ફળ સ્વીકારો છો? પૂ. મા ઘણા સમયથી આ સૂચના આપે છે પણ એક યા બીજા કારણથી આ ભૂલ થાય છે. પૂ. મા વિગતે સમજાવતાં લખે છે કે ફળનો બગાડ થાય છે. પૈસાનો બગાડ થાય છે. લાવનારના પૈસા પાણીમાં જાય છે. જરૂરિયાત



વિનાનું શા માટે સ્વીકારવું? પૂ. માની દૃષ્ટિ ખૂબ સૂક્ષ્મ છે.

ફળનો બગાડ વનસ્પતિ જગતનો અપરાધ છે. ફળ દેવતાનો અપરાધ છે. ફળનો બગાડ થાય તો તેનો પણ દોષ લાગે છે. આ સૂક્ષ્મ વાતો કરતાં કરતાં પૂ. માને ખૂબ વેદના થાય છે.

પૂ. મા ફળ જગત અને વનસ્પતિ જગત સાથે તાદાત્મ્ય અનુભવતાં હોય તેવું લાગે છે. વેદનાના પરિણામે મન ઉપરામ થયું અને પાણી લેવાની પણ ઇચ્છા ન થઇ અને નિર્જળાવ્રત થયું.

ફળ પરત કરતા તેઓને પૂ. માની મનોદશા—ફળનો બગાડ, પૈસાનો બગાડ વગેરે વાતો શાંતિથી સમજાવવામાં આવી.

પૂ. માની એ વેદનાનાં અમે મૂક સાક્ષી બન્યાં. પૂ. માનું અંતર કેવું કોમળ છે? જે કશાનો પણ બગાડ કે અનાદર સહન કરી શકતું નથી.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

'યોગજ્યોત ગૌરવ'

# પારિતોષિક વિતરણ સમારોહ

**તંત્રી**

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટની શૈક્ષણિક પ્રવત્તિઓ અન્વયે ગુજરાત હાયર સેકન્ડરી સ્કૂલ એક્ઝામીનેશન (ધોરણ–૧૨)ની માર્ચ–એપ્રિલ ૨૦૦૩ માં લેવાયેલ પરીક્ષામાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતના દરેક જિલ્લાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને 'યોગજ્યોત ગૌરવ' પારિતોષિક અને પુરસ્કાર પૂ. શ્રી મા સર્વેશ્વરીના વરદ હસ્તે જાહેરમાં સન્માનવામાં આવશે. આ માટેનો કાર્યક્રમ આ વર્ષે નીચેના દિવસે સ્થળે અને સમયે યોજવામાં આવ્યો છે.

તારીખ : ૨૧ ડીસેમ્બર ૨૦૦૩ રવિવાર

સમય : બપોરે ૩–૦૦ થી ૬–૦૦

સ્થળ : ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, ટીંબલીયા વાડ, જીવન ભારતી સ્કૂલ સામે, સુરત.

સૌને આ કાર્યક્રમ માટે નિમંત્રણ છે. આ કાર્યક્રમમાં બહારગામથી આવનાર સાધકો માટે જમવા ઉતારાની વ્યવસ્થા સુરત ધ્યાનકેન્દ્રદ્વારા નીચેના સ્થળે કરવામાં આવી છે.

**શ્રી સોરઠીયા ગ્રામીણ માલી પંચની વાડી,**

મઝુરા ગેઇટ, બાળકોની હોસ્પીટલ સામે, **સુરત.**

આ કાર્યક્રમ પછી તા. ૨૩ ડીસેમ્બર ૨૦૦૩ થી ૨૮ ડીસેમ્બર ૨૦૦૩ દરમ્યાન કપૂરા મુકામે શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ નિમિત્તે છ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. અધ્યાત્મના ઓક્ટોબર–૦૩ ના અંકમાં જણાવ્યા પ્રમાણે કપૂરાના કાર્યક્રમમાં

ભાગ લેવા ઇચ્છતા સાધકોએ તેમની વિગત જલ્દીથી મોકલી આપવી.

તા. ૧ જાન્યુઆરી ૨૦૦૪ ના રોજ સ્વર્ગારોહણ અંબાજીમાં, અંબાજી આસપાસની પછાત વિસ્તારની શાળાના ૫૦૦ જેટલા બાળકોને યુનિફોર્મ અર્પણ કરવાનો ‘વસ્ત્રવિતરણ’ કાર્યક્રમ તેમ જ તા. ૨ જાન્યુઆરી ૨૦૦૪ ના રોજ અંબાજી આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા અપંગ, અશક્ત અને અસહાય પરિવારોને અનાજ સહાય આપવાનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો છે. જેની સૌ સાધકોને નોંધ લેવા વિનંતી છે.

વળી અધ્યાત્મના ગયા અંકમાં જાણ કર્યા પ્રમાણે—સાધક ભાઇબહેનોએ તેમના જીવનમાં થયેલ સંત કે પ્રભુકૃપાનો શ્રેષ્ઠ પ્રસંગ તા. ૩૦—૧૧—૦૩ સુધીમાં પ્રો. તરલાબેન દેસાઇ, ૧૪ એ, તપોવન સોસાયટી, સિદ્ધાર્થ વિદ્યાલયની બાજુમાં, નહેરૂનગર, અમદાવાદને ટૂંકાંમાં સારા અક્ષરે લખી મોકલાવી આપવા વિનંતી છે.

## ❖ સુધારો ❖

ઓક્ટોબર—૨૦૦૩ ના અધ્યાત્મના અંકમાં દીપોત્સવી પર્વ ભૂલથી તા. ૨૪—૯—૦૩ ના રોજ છે એમ છપાયેલ છે. તેને બદલે તે તા. ૨૫—૧૦—૦૩ ના રોજ હોવું જોઇએ. ક્ષતિ બદલ ક્ષમાયાચના.

—તંત્રી



ભાદરવી પૂનમના પર્વ નિમિત્તે

# છાશની હાશ અને સંનિધિનું સુખ

**રાજુભાઇ જાની**

ગુજરાતના તીર્થ સ્થાનોમાં ઉત્તર ગુજરાતમાં આવેલું અંબાજી તીર્થ એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. દિનપ્રતિદિન સમગ્ર ભારતની જનતાની પૂ. શ્રી મા અંબા પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધાનું એ પ્રતીક બની રહ્યું છે. એટલે જ લાખોની સંખ્યામાં ભક્તિ પ્રેરિત જનસમુદાય પદયાત્રાદ્વારા પોતાની શ્રદ્ધાના સુમન પૂ. શ્રી મા અંબાના ચરણે અર્પણ કરવા પ્રતિવર્ષ વિશેષતઃ ભાદરવી પૂર્ણિમાના ઉત્સવે ધજા ચડાવવા કે દર્શનદ્વારા વિશેષ આશિષ પ્રાપ્ત કરવા ઉમટી પડે છે.

ભાદરવા સુદ અગિયારસથી આરંભ થતાં આ પર્વનિમિત્તે ગુજરાતના તેમ જ અન્ય રાજ્યોમાંની યાત્રીઓનું આગમન અંબાજીમાં શરૂ થયું. પાંચ દિવસના આ ઉત્સવમાં અંદાજે સત્તરથી અઢાર લાખ ભાવિક ભક્તોએ અંબાજી તીર્થસ્થાનની યાત્રા કરી. નાનકડા અંબાજીમાં આવો માનવ મહેરામણ ક્યાં સમાયો હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે તેમ છતાં તે એક નક્કર વાસ્તવિકતા છે. પૂ. શ્રી માએ સ્વર્ગારોહણમાં ઉપસ્થિત સાધકોને સેવાકાર્યોથી ઘસાઇને ઉજળા થવાનો એક મહામંત્ર આપ્યો. અને તે સાથે જ નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના સહુ કોઇ આ સેવાયજ્ઞ માટે સમર્પિત બની રહ્યા. પ્રભુએ ધરેલી સેવાની તક માટે તત્પર બની રહ્યા.

ભાદરવી પૂનમની અંબાજીની પદયાત્રામાં જે પ્રકારે માનવ મહેરાણ ઉભરાય છે તે જોઇને ખરે જ આશ્ચર્ય થાય. અહીં આવનાર વ્યક્તિ ૫૦ કે ૧૦૦ કિ. મી.થી નહિ, પરંતુ ૨૦૦ કિ. કે તેથીયે

દૂરથી આવતા હોય છે. પૂ. મા અંબામાની તેમની આસ્થા અને આ શક્તિપીઠ પરથી તેમની શ્રદ્ધા—તેઓને આવું કષ્ટ ઊઠાવવા માટે પ્રેરણા પૂરી પાડતા હોય એવું લાગે છે. તેમાંના ઘણા બધા યાત્રાળુઓ સાધનસંપન્ન જ નહિ, પરંતુ ઘરનાં પોતાનાં વાહનો ધરાવતા હોય છે. તોપણ પદયાત્રાની ભાવનાનો સ્વીકાર કરી આવા સંઘોમાં જોડાતા હોય છે અથવા સંઘ કાઢતા હોય છે.

**માતાજીનો રથ ને ધજાઓ લઈને યાત્રીઓ આવે છે**

આ વર્ષની ભાદરવા પૂનમની યાત્રા પૂ. મા માટે પહેલી જ હતી. છેલ્લાં કેટલાય વર્ષોમાં પૂ. મા કદી અંબાજીમાં આ પર્વપર ઉપસ્થિત ન હતાં. આથી પૂ. માને વિચાર આવ્યો કે અહીં આવતા આવા પદયાત્રીઓની આપણે શું સેવા કરી શકીએ.

અગાઉના અનુભવો ધરાવતા માણસો પાસેથી જાણવા મળ્યું કે આવી સેવા ચારેક પ્રકારની હોઈ શકે. પગે ચાલતા યાત્રાળુઓને પાણીની જરૂર ખાસ રહે. તેમાં તેમને છાશ મળે તો વધુ સારી. વળી તે થોડી મીઠી ને ઠંડી હોય તો સર્વથી ઉત્તમ. ઉઘાડા પગે ચાલી આવતા યાત્રીઓને સડકો ઉપર ચાલવાથી પગે છાલા પડી જાય તો કેટલાક છેક છેલ્લે પહોંચીને પણ ખૂબ થાકી જાય. એમને થોડા વિશ્રામની જરૂર.

આ બધી વિગતો જાણીને પૂ. માએ આ બધી જ સેવાઓ સ્વર્ગારોહણના દ્વારે પૂરી પાડવાનું નક્કી કર્યું. એથી સૌ પ્રથમ સ્વર્ગારોહણના પ્રવેશદ્વારની આસપાસ મોટો મંડપ નંખાવ્યો. અહીં ચારેક વ્યવસ્થાઓ ગોઠવવાની હતી.

પૂ. માની એ ખૂબી કે દરેક બાબત તેમણે યાત્રીઓની દૃષ્ટિએ કયું વધુ સુગમ રહે તે વિચાર્યું. સામાન્ય રીતે આયોજકો પોતાની



સુગમતા શી રીતે સચવાય, તે જ જોતા હોય. પરંતુ પૂ. માની એ વિશેષતા કે જેમને માટે આ કરવામાં આવી રહ્યું છે, તેઓને તે કેટલું અનુકૂળ થશે, તે દૃષ્ટિએ વિચારી આ આયોજન કર્યું.

પાલનપુરવાળા રસ્તે જ વિશેષ પદયાત્રીઓ આવે. એટલે તેમને માટે પાણી અને છાશ ભરવા નવાં બેરલ ખરીદ્યાં. આ માર્ગે પાણીના પાઉચ વેચનારા મળે, પરંતુ નજીકમાં પાણીની કોઈ સારી સ્વચ્છ પરબ નહિ. તેથી આ પાણીની સેવા અને તે સેંકડો નહિ, હજારોને પૂરી પાડવાનું કપરું કામ, વળી એટલા વિપુલ જથ્થામાં પાણી પણ જોઈએને?

પરંતુ એક સંતનો સંકલ્પ અને પ્રભુની કૃપા તેમાં ભળે તો શું અશક્ય રહે? આજ સ્વર્ગારોહણમાં ચારસો પાંચસો યાત્રીઓ ભેગા થતાં, રોજનું હજાર રૂપિયાનું પાણી વેચાતું લાવવું પડતું. ત્યાં હજારો માણસોને તે અવિરત રીતે ત્રણચાર દિવસ પાવાનું કેટલું બધું પાણી જોઈએ! છતાં પૂ. ગુરુદેવની કૃપાથી બોરમાંથી પાણી આવતું જ રહ્યું અને યાત્રા દરમ્યાન એક લાખ કરતાં વધુ માણસોએ તે પીધું છતાં ખૂટ્યું નહિ. આ કેવો ચમત્કાર!

પૂ. મા એટલે પાક્કાં કર્મયોગી. પાણી પાવાનું અને તે પણ ઠંડુ. વળી સ્વચ્છ ગ્લાસોમાં. પીનારાઓને માઈક ઉપર સતત સૂચના આપવામાં આવતી કે પાણી અદ્ધરથી પીવું. છતાં કોઈ મોઢે ગ્લાસ માંડી પી જાય, તો તે ગ્લાસ કાઢી નાંખવાનો. વળી જ્યાં હજારો માણસો પાણી પીતાં હોય ત્યાં પાણી ઢોળાય પણ ખરું. તો પૂ. માએ અગમચેતી વાપરી તેવા પાણીનો નિકાલ થતો રહે અને સહેજ પણ ગંદકી ના થાય, તેની કાળજી પહેલેથી લીધેલી. લાંબે અંતરેથી પગે ચાલીને આવતા યાત્રીઓને અહીં ઠંડુ પાણી કે છાશ પીધા

પછી તેઓના મુખ ઉપર જે તૃપ્તિ જણાતી—તે ખરે જ ખૂબ સરસ લાગતી. વળી પાણી પાવાની સેવામાં પૂ. મા પણ જોડાયેલાં રહેતાં— એટલે તેઓના હાથનું પાણી પી ધન્યભાગી થનારા એ જીવોને એ ક્યાં ખબર હતી કે જે પરમશક્તિપ્રત્યે શ્રદ્ધાથી પ્રેરાઇ તેઓ આવ્યા છે, તે જ શક્તિ તેમની તૃષા મનુષ્ય શરીર ધારી અહીં છીપાવી રહી છે! અરે, તે પણ ત્રણ ત્રણ દિવસ સુધી કલાકો ઊભાં રહીને અને પોતે ત્રણે દિવસ નિર્જળા કરીને! આ તે કેવી અદ્‌ભુત સેવાભાવના!

પાણી માટેના કાઉન્ટરો ઉપર સવારથી સેવકો હાજર થઇ જતા અને તે સેવા રાત સુધી એકધારી ચાલતી.

પાણી કરતાં થોડી કપરી સેવા યાત્રીઓને છાશ પૂરી પાડવાની હતી. તેમાં છાશનો પ્રબંધ કરવાનો, ડેરીમાંથી આવતી છાશની થેલીઓ કાપીને બેરલોમાં ઠાલવવાની, તેમાં બરફ નાંખી તે ઠંડી કરવાની. તે પછી તેમાં ખાંડ, મીઠું, જીરુ વગેરે ઉમેરી યાત્રીઓને પીવા આપવાની. તે માટે ગ્લાસ ભરવાના અને પીધેલા ગ્લાસો ગરમ પાણીથી બે વાર ધોયા પછી ફરી ઉપયોગમાં લેવાના. પૂ. મા સ્વચ્છતાનાં ખૂબ આગ્રહી એટલે છાશના ગ્લાસ ધોવા માટે ગરમ પાણીનું બોયલર પણ ઝગતું રખાતું અને છાશ પીધેલા ગ્લાસો ગરમ પાણીમાં ધોવાતા.

ચૌદશના દિવસે પૂ. માએ સૂચના આપી કે છાશ વિતરણનું કાર્ય સવારે પ્રારંભ કર્યા પછી અવિરતપણે સાંજે ૫—૩૦ સુધી ચાલુ રાખવું જેથી તાપમાં ત્રસ્ત પદયાત્રીઓને વધુને વધુ છાશના પ્રસાદનો લાભ આપી શકાય. અહીં દરેકને ૨૦૦ મી. લી. નો ગ્લાસ પૂર્ણ ભરીને છાશનું વિતરણ થતું, જેથી યુવકો વધારાની છાશ મેળવવાની વ્યવસ્થામાં લાગી ગયા. આજે પૂ. શ્રી માના આશિષથી રોજ કરતાં



થોડી વધુ છાશ મળી, તેમ છતાં પૂ. શ્રી માની આજ્ઞા અનુસાર સતત સાંજે ૫—૩૦ સુધી અવિરત વિતરણ ચાલુ રાખવું અશક્ય લાગતું હતું. જેથી આયોજકોએ છાશ વિતરણ સેવા થોડીક વિલંબથી ચાલુ કરવા વિચાર્યું. પરંતુ સવારે ૯—૩૦ થતાં જ તેમનું નિત્યકર્મ પૂરું કરી પૂ. શ્રી મા સ્વર્ગારોહણના દ્વારે આવી ઊભાં.

આગલા દિવસની જેમ મંડપ સ્વચ્છ કરી બધું જ આયોજન ગોઠવાઇ જતાં પૂ. શ્રી મા છાશ ભરેલા બેરલો પાસે આવી ઊભાં. તેના પર તેમની દિવ્યદૃષ્ટિનો દૃષ્ટિપાત કરી સ્વચ્છ લાકડીવડે બંને પીપમાં છાશ વલોવવા મંડ્યાં. પાંચ મિનિટના આ વલોવણ પછી પૂ. શ્રી મા સ્વયં છાશવિતરણના કાઉન્ટરપર ગોઠવાઇ ગયાં. આજે સેવા આપતા સેવકોની સેવામાં પણ પરિવર્તન કરી સૌને બધી જ સેવાઓનો લાભ મળે, માટે આ ફેરફારો પૂ. શ્રી માએ કરાવ્યા. જેથી એક જ પ્રકારની કામગીરીથી કોઇ કંટાળે નહીં.

યાત્રાળુઓ લાઇનમાં સ્વયંભૂ જ ગોઠવાતા ગયા. પાણીના પ્રવાહની જેમ જનસમુદાય છાશનો પ્રસાદ લઇ સતત આગળ વધતો જ રહ્યો, કારણ આજે ધસારો ખૂબ હતો. તે જોતાં ત્રણ ચાર કલાકમાં છાશનું વિતરણ કાર્ય પૂર્ણ થઇ જશે તેમ લાગતું હતું. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે છાશ ભરેલાં બંને પાત્રો અવિરત વિતરણ છતાં સતત ભરેલાં જ રહ્યાં! સૌ આનંદ આશ્ચર્યની પૂ. શ્રી માની આ લીલાનું દર્શન કરતા રહ્યા. આજે છાશની ગુણવત્તા પણ ખૂબ ઊંચી સૌ પીનાર યાત્રાળુઓએ અનુભવી. કેટલાક પદયાત્રીઓ, તીર્થદેવીના દર્શન કરી છાશ પીવા માટે જ મંદિરથી પાછા સ્વર્ગારોહણ સુધી આવતા.

સૌના મુખપર સંતોષ, છાશની હાશ અને તેની મીઠાશ અને

ગુણવત્તા માટે અનહદ સંતોષ જોઈ શકાતો હતો. પૂ. શ્રી માની લીલા તો જુઓ! સવારે છાશ વલોવતી વખતે તેમણે કદાચ કોઈ સંકલ્પ કર્યો જ હશે. જેથી અક્ષયપાત્રની જેમ હજારોની સંખ્યામાં પદયાત્રીઓને પાંચ કાઉન્ટર પરથી છાશનું વિતરણ થવા છતાં, તેની ગુણવત્તામાં કોઈ જ ફેરફાર. પૂ. શ્રી માએ ન કરવા દેવા છતાં એ બંને પાત્રો સાંજે ૫–૩૦ સુધી સતત ભરાયેલાં જ રહ્યાં. તે પછી ક્રમશઃ તે ઘટતાં ગયાં અને લગભગ સાંજે ૬–૦૦ વાગે પૂ. શ્રી માની સૂચના અનુસાર છાશવિતરણનું કાર્ય બંધ થયું. હજારોની સંખ્યામાં પૂ. શ્રી માના વરદહસ્તે ઠંડી મસાલાયુક્ત છાશનો પ્રસાદ સૌ આ સેવાકાર્યદ્વારા પામ્યા.

આ છાશની સેવાનો સમગ્ર ખર્ચ કપૂરાના શ્રી જગદીપભાઈ રમેશભાઈ ભક્તે આપ્યો. તો તેનો પ્રારંભ પણ બારસના દિવસે પૂ. માની ઉપસ્થિતિમાં તેમના હાથે જ કરાવવામાં આવ્યો. ઓછામાં ઓછા ચાલીસ હજારથી વધુ યાત્રીઓએ પૂ. માના હાથની છાશની હાશ માણી. આ ખરે જ એક વિરલ સેવા દૃશ્ય હતું.

છાશ ભરતાં કે પીધા પછી ગ્લાસ ધોતાં છાશ ઢોળાય, તો તેની સહેજ પણ ગંદકી ના થાય, તેનું ધ્યાન પણ આયોજન વખતે જ પૂ. માએ રાખેલું. "કર્મમાં સર્વશ્રેષ્ઠ કુશળતા એ જ યોગ." ભગવદ્-ગીતાની ભગવાન કૃષ્ણની એ વ્યાખ્યા પૂ. માના આયોજનમાં સતત જોવામાં આવતી.

પદયાત્રીઓમાં પગે ચાલનાર કોઈ કોઈ વ્યક્તિઓને પગે છાલા પડી જતાં, તેથી તેઓને ચાલવામાં તકલીફ પડતી. તે માટેની સેવા—સેવાવ્રતધારી ડો. હરેશભાઈ સુરતીયાને સોંપી. આ કામ કપરું હતું. આવા દર્દીઓને ડ્રેસીંગ કરી, મલમ લગાડી, પાટાપીંડી કરવી પડતી.



ડો. સુરતિયા ખૂબ ભાવપૂર્વક આ સેવા બજાવતા રહ્યા. ત્રણ દિવસમાં તેમની આ સેવાનો લાભ હગભગ ૪૦૦૦ થી વધુ યાત્રીઓએ લીધો. તેમને પૂ. મા પણ પ્રોત્સાહિત કરતાં રહેતાં. પૂંઠાનો સરસ મુગટ બનાવી—તે પર 'ડો. સ્વર્ગારોહણ' લખી, તેમને માથે પૂ. માએ તે પહેરાવ્યો. પૂ. માની આ કેવી કૃપા! વળી આવી બધી સરસ સેવાઓ અહીં ઉપલબ્ધ છે, તેની જાહેરાત માઈક ઉપરથી સાધકો કરતા રહેતા. તે ઉપરાંત પૂ. માએ જે બેનરો બનાવી બંધાવેલી—તેમાં એવી કાળજી રાખવામાં આવેલી કે યાત્રીઓનું ધ્યાન તેના તરફ સહજ રીતે જ જાય, જેથી વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે.

એવું પણ જોવા મળતું કે કેટલાક યાત્રીઓ એટલી હદે થાકી ગયેલા હોય કે દર્શન કરતાં પહેલાં તેમને આરામની જરૂર રહે. તેમને માટે પૂ. માએ ખાસ કાળજી રાખેલી કે સૂવા કે વિશ્રામ કરવાના વિભાગમાં નીચે ઝીણી રેતી પાથરી તે ઉપર જાડુ પ્લાસ્ટિક પથરાવેલું, જેથી આરામ કરનારને ખૂંચે નહિ.

વળી યાત્રીઓમાં બહેનો પણ હોય. તેથી તેમના આરામનો વિભાગ અલગ. એટલું જ નહિ, પરંતુ તેમના સામાનનું ધ્યાન રાખવા, સાધકોને પૂ. માએ ખાસ સૂચના આપેલી.

આમ આ વખતે પદયાત્રીઓએ એક નવા જ પ્રકારની સુવિધા—અંબાજીના આંગણે અનુભવી. આ સુવિધા પૂરી પાડવામાં નાનામોટા ૪૦ જેટલા સાધક ભાઈબહેનોએ થાક કે ઊંઘની પરવા કર્યાવિના—એકધારી સેવા આપી, ધન્યતા અનુભવી. તો પૂ. માએ પણ તેમનું એવું જ ધ્યાન રાખ્યું.

જેમ પદયાત્રીઓને પૂ. શ્રી માએ છાશ આપી હાશ ધરી, તેમ

સૌ સેવકોને પણ ક્રમશઃ યાદ કરી તેમની પાસે જઇ, પૂ. શ્રી માએ મોઢા પાસે ખોબો ધરીને છાશનો પ્રસાદ પોતાના હાથે જ ધરી પીવડાવ્યો. એટલેથી કંઇ પૂ. માને થોડો સંતોષ થાય!

સેવકોને યાત્રીઓની સેવામાં સાતત્ય જાળવવા ભોજન પણ જતું કરવું પડતું. તો પૂ. મા તેમને આગ્રહપૂર્વક જમાડાવતાં એટલું જ નહિ, પરંતુ છેલ્લા દિવસે સુખડીનો ખાસ પ્રસાદ આપી, જાણે આ પ્રસાદથી પૂ. માએ તેમનો સર્વ થાક હરી લીધો એવું સહુએ અનુભવ્યું.

સ્વર્ગારોહણનો સેવકગણ છેલ્લા દિવસે પણ પૂ. માની અને સાધકોની આવી એકધારી સેવાઓ જોઇને સહર્ષ તેમાં જોડાઇ ગયો. પૂ. માએ તેઓને તેઓની આ સેવા બીરદાવી આર્થિક પુરસ્કાર પણ આપ્યો. પૂ. માનું એક સૂત્ર કે પરિશ્રમીનો પરસેવો સૂકાય તે પહેલાં જ તેને મહેનતાણું ચૂકવી દો.

છેલ્લે પૂ. માએ સેવામાં જોડાયેલ સર્વ સાધકોને પૂનમની રાતે અંબાજી માતાજીના દર્શન કરવા મોકલ્યા. બધા તો ગયા, પરંતુ એક બેને દલીલ કરી. અમારે મન તમે જ પ્રગટ સ્વરૂપ જગદંબા છો, પછી ત્યાં જઇ દર્શન કરવાથી શો વિશેષ લાભ થવાનો? તો પૂ. માએ એવા ભાવાર્થનું લખ્યું, ''કોઇ વ્યક્તિ કે સમુદાયની આવી ભાવના હોય તે એક વાત છે, કિન્તુ જે સ્થાનમાં કેટલાય વર્ષોથી લાખ્ખો લોકોની શ્રદ્ધા જોડાયેલી છે, ત્યાં જઇ દર્શન કરવાથી કંઇ નુકસાન તો થવાનું નથી જ. ઉલ્ટો લાભ જ થશે. માથુ નમશે તો અહંકાર હળવો થશે અને સ્થાનના પવિત્ર પરમાણુઓની અસર— ભલે સ્થૂલરૂપે ના દેખાય, પણ થશે જ. કોઇ પણ સ્થાનમાં થોડી પણ વિશેષતા વગર કોઇ માથું નમતું નથી.'' આમ મા અંબાના તીર્થના મહિમાનો સ્વીકાર કરવા સાધકોને પૂ. માએ સમજાવ્યા.



આ વર્ષે ભાદરવી પૂનમે અંબાજીમાં પદયાત્રીઓનું દર્શન કરી સેવાનો લાભ લેવાયો તેનાથી પ્રસન્ન થઇ પૂ. માએ લખ્યું કે વિદેશમાં હોઇએ કે ભારતમાં બીજા કોઇ સ્થળે, પરંતુ આ પર્વ ઉપર અહીં આવવાનું મન થાય તેવું છે. લોકશ્રદ્ધાનું આવું વરવું દૃશ્ય ભારતમાં જ નહિ, દુનિયાના ભાગ્યે જ બીજા કોઇ દેશમાં જોવા મળે. એ જ દર્શાવે છે કે ભારત પ્રધાનતઃ એક ધર્મનિષ્ઠ દેશ છે. એથી જ પૂ. મા જેવી વિભૂતિઓ આ દેશમાં પ્રકટે છે ને પરમશક્તિના મહિમાને લોકહૃદયમાં દૃઢીભૂત કરે છે. મા અંબાનો જય હો, જય હો, જય હો, મા આપનો જય હો.

પૂ. માએ આ પર્વમાં સેવાનિમિત્તે સેવકો વચ્ચે સતત ઊભાં રહી અને પદયાત્રીઓને પણ સંન્નિધિ સુખ ધરી—સાંઇઠમા વર્ષને સાચા અર્થમાં સન્નિધિપર્વ યથાર્થ કરી બતાવ્યું.

◎

## સુખની ઇચ્છા સફળ થવાનાં સાધનો

(૧) દુર્જનના સંગનો ત્યાગ.
(૨) સજ્જનનો સમાગમ.
(૩) અહોનિશ પુણ્યકાર્ય કરતા રહેવું
(૪) સાંસારિક પદાર્થોમાં અનિત્યતાનું વારંવાર સ્મરણ.

## કયી બાબતોમાં શરમ ન રાખવી

(૧) ધનની લેણદેણ કરવામાં.
(૨) વિદ્યા શિખવામાં
(૩) ભોજન કરવામાં.
(૪)અન્ય પ્રકારના વ્યવહારમાં.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

દેવકીના ઉદરમાં આઠમા બાળકનો પ્રવેશ થયો ત્યારથી એની શોભા અનેરી, અદ્‌ભુત, અવર્ણનીય બની ગઇ.

એનું સૌંદર્ય અનેકગણું વધી ગયું અને અધિક આકર્ષક થયું.

એ પ્રવેશ પાવન, પુણ્યપ્રદાયક અને અસાધારણ છે એની વસુદેવ તથા દેવકી બંનેને પ્રતીતિ થઇ.

વસુદેવે કહ્યું પણ ખરું :

'તારા શરીરમાં આવિર્ભાવ પામેલો આત્મા સાધારણ નથી લાગતો. એની અસાધારણતાનું અનુમાન તારાં લક્ષણો પરથી સહેજે થઇ રહે છે.'

દેવકી બોલી :

'તમારું અનુમાન સર્વાંશે સાચું છે. મારો અંતરાત્મા પણ હમણાં હમણાં એક પ્રકારના ઊંડા અસાધારણ આહ્લાદનો અનુભવ કરી રહ્યો છે. અંતરમાં એક જાતની ઊંડી અનિર્વચનીય શાંતિ છવાઇ ગઇ છે. કોઇક અલૌકિક આત્માનું આનંદજનક આગમન થવાનું હોય એવું લાગ્યા કરે છે.'

'આકાશવાણીએ સૂચવ્યા પ્રમાણે એ આત્મા ખરેખર અલૌકિક હશે. મને એમાં લેશમાત્ર શંકા નથી લાગતી. એ આત્મા એના જીવનને ઉજ્જ્વલ કરશે, અમર બનાવશે, અને આપણને યશ ધરશે.'

ત્યાં તો દેવકીની આંખ ટપકવા લાગી.

વસુદેવને એ જોઇને આશ્ચર્ય થયું. એ બોલ્યા :



'મેં કોઇ દુઃખદ અમંગલ વાત તો નથી કરી કે તારે રડવું પડે. મેં તો આનંદનો અનુભવ કરાવે તેવા શબ્દો જ બોલી બતાવ્યા છે.'

દેવકીએ અશ્રુ લૂછીને જણાવ્યું :

'આંખ ક્યારે ભરાઇ ગઇ, છલકાઇ પડી, તેમ જ ટપકવા માંડી તેની કશી ખબર જ ના પડી. હૃદય એકદમ ભાવવિભોર બની ગયું. તમે આનંદજનક વચનો જ કહી બતાવ્યાં છે એ નિસ્સંશય છે, પરંતુ મારું મન એક બીજા જ વિચારે ચઢી ગયું—એક દુઃખદ વિચારે!'

'કેવી જાતના દુઃખદ વિચારે?'

'માતાને માટે એવો વિચાર સ્વાભાવિક હોય છે.'

'એટલે?'

'આપણાં બીજાં બધાં જ બાળકોને કંસે આપણી દૃષ્ટિ સમક્ષ જ મારી નાખ્યાં છે તેમ આને પણ એ જીવતું રહેવા દેશે ખરો? બાળકના પ્રાકટ્ય પહેલાં કોણ જાણે કેમ પણ મને એ ચિંતા અથવા આશંકા આપોઆપ જ થઇ આવી.'

દેવકીનું હૈયું ભરાઇ આવ્યું.

એનો કંઠ રૂંધાઇ ગયો.

એ આગળ ના બોલી શકી.

એની આંખ આગળ કંસે કરેલી પોતાનાં સુકોમળ નવજાત શિશુઓની ક્રૂર હત્યાનાં દશ્યો તરવરવા લાગ્યાં.

એ કરુણાતિકરુણ દશ્યોને કેવી રીતે ભૂલી શકાય?

એ દશ્યો એને અવારનવાર અહર્નિશ યાદ આવતાં અને એના અંતરને, અંગના અણુએ અણુને, સંવેદનશીલ બનાવી દેતાં, પરંતુ આજે તદ્દન નવાં જ લાગ્યાં.

વસુદેવનાં નેત્રો પણ ભરાઇ આવ્યાં.

તોપણ, પોતાના અંતરને અંકુશમાં રાખીને એ કહેવા માંડ્યા :

‘એવી ચિંતા તો મને પોતાને પણ થઇ આવે છે. છતાં પણ આપણી ચિંતા અથવા આશંકાથી શું વળશે? આપણા ભય અને ઉદ્વેગથી શો હેતુ સરી શકશે? સર્વેશ્વર પરમાત્મામાં પૂર્ણ શ્રદ્ધા રાખીને આપણે બધું એના પર છોડી દઇએ એ જ બરાબર છે. આ અસહાય અનાથ જેવી આર્ત અવસ્થામાં બીજું થઇ શકે પણ શું? પરમાત્માની એ પરમશ્રેષ્ઠ શક્તિ જ પોતાના વિધાનને સાચું કરવા જે યોગ્ય લાગશે તે બધું કરી છૂટશે. જે સૌને બચાવનાર છે એને આપણે કેવી રીતે બચાવી શકીએ? આપણને ને બીજા બધાને એ જ બચાવનાર છે. એના શરીરપ્રવેશથી તને જે અસાધારણ આનંદ થાય છે તે જ સૂચવે છે કે એ શિશુ કોઇ સાધારણ દુન્યવી શિશુ નહિ જ હોય. અને એ છતાં પણ એને જન્મીને વધારે જીવવાનું જ નહિ હોય તો આપણે શું કરી શકીશું?’

દેવકી શાંત રહી.

આવા કોઇ બીજા પ્રસંગે એ વસુદેવને આશ્વાસન આપતી પરંતુ આજે એનું પોતાનું હૃદય જ રડી ઊઠ્યું ને કરુણ બની ગયું એનું એને આશ્ચર્ય થયું.

એ જ રાતે એને સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં કોઇ પરમ પ્રખર પ્રકાશપુંજ દેખાયો.

એ પ્રકાશપુંજથી એ ડરી તથા ડઘાઇ ગઇ અને દોડવા લાગી. ત્યાં જ એના આશ્ચર્ય વચ્ચે એને વાચા ફૂટી.

એ પ્રકાશપુંજે તદ્દન શાંત અને સહન કરી શકાય તેવું રૂપ ધારણ



કરીને કહેવા માંડ્યું :

‘દેવકી, તું મારાથી ડરીને નકામી દોડી રહી છે. ઊભી રહે.’

એ આશ્ચર્યજનક ઉદ્‌ગારોને સાંભળીને દેવકી ઊભી રહી.

એણે એ પ્રકાશપુંજને પ્રણામ કર્યા ને પૂછ્યું :

‘તમે કોણ છો?’

પ્રકાશપુંજે ઉત્તર આપ્યો :

‘મને તેં ના ઓળખ્યો? હું તારી સાથે વરસોથી, યુગોથી, સંકળાયેલો છું પરંતુ તને મારી વિસ્મૃતિ થઇ છે. એ વિસ્મૃતિ દુઃખ, દર્દ, ક્લેશ અને કષ્ટનું કારણ છે. હું પરમપ્રકાશ છું. આ પૃથ્વી તથા બ્રહ્માંડનો એકમાત્ર પ્રકાશ. મારે તને એક સંદેશ સંભળાવવાનો છે.’

‘સંભળાવો. અવશ્ય સંભળાવો. સંભવ છે કે મને એથી શાંતિ મળે. અત્યારે હું વસુદેવ સાથે ચિંતિત તથા દુઃખી છું.’

‘હું તારા પુત્રરૂપે પ્રકટ થઇશ.’

‘મારા પુત્રરૂપે?’ દેવકીએ વિસ્મય વ્યક્ત કર્યો.

‘હા. મારો એ સંકલ્પ સફળ થશે. તારા ને વસુદેવનાં દુઃખ, દર્દ તેમ જ બંધનને દૂર કરીને શાંતિ આપીશ.’

‘ખરેખર?’

‘હા. ખરેખર.’

‘પરંતુ કઠોર કાળજાના કંસનું શું? તમને એની ભીતિ જરા પણ નથી લાગતી? એ તમારો નાશ કરી નાંખશે.’ (ક્રમશઃ)